# આત્મધર્મ


## વર્ષ ૩૨

## સળંગ અંક ૩૮૧

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |

## ❁ સર્વજ્ઞમહાવીરનું ધર્મચક્ર જગતના જીવોને મંગલકારી છે ❁




# [ ૩૮૧ ]




અષાડ વદ એકમ એટલે ભગવાન મહાવીરના ધર્મચક્ર-પ્રવર્તનનો મંગલ દિવસ! અહા, એ દિવસે રાજગૃહીમાં વિપુલાચલ ઉપર કેવો મહાન અપૂર્વ આનંદકારી ધર્મોત્સવ ઉજવાયો હશે! પ્રભુના જે દિવ્યધ્વનિનો એક નાનકડો અંશ પણ આજે ( અઢીહજાર ને એકત્રીસ વર્ષ પછી પણ ) આપણને આવો મહાન આનંદ અને શાંતિ આપે છે તે પ્રભુની સર્વજ્ઞતાની ને તેમના ઇષ્ટઉપદેશની શી વાત!! આ અષાડ વદ એકમે ધર્મચક્રપ્રવર્તનનો એ મંગલદિવસ આવી રહ્યો છે...સૌ આનંદથી વીરપ્રભુને યાદ કરીને શાંતરસનું પાન કરશું.


તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૫૦૧ અષાઢ ( લવાજમ : છ રૂપિયા ) વર્ષ ૩૨ : અંક ૯

# પરમાગમને જાણીને પરમાતમને અનુભવો

## ( પરમાગમમંદિર–પ્રતિષ્ઠા વખતનો આત્મધર્મનો એક લેખ )

પરમાગમ સમયસારમાં શુદ્ધાત્માનું સ્વરૂપ દેખાડતાં પ્રભુ કુંદકુંદસ્વામી ખાસ ભલામણ કરે છે કે 'હું આ જે શુદ્ધ આત્મા દેખાડું છું તે તમે તમારા સ્વાનુભવથી પ્રમાણ કરજો. જિનાગમ એ માત્ર જોવાની, કે એકલા બાહ્ય શોભા–શણગારની જ વસ્તુ નથી, એના અંતર–હાર્દ સુધી પહોંચીને સ્વાનુભવ કરવાનો છે. એટલે માત્ર પરમાગમ–મંદિરનો ભવ્ય ઉત્સવ કરીને અટકશો નહિ, જે પરમાગમ તેમાં કોતરાયા છે તે પરમાગમના અભ્યાસમાં નિરંતર ચિત્તને જોડીને, તેના ઊંડા હાર્દ સુધી પહોંચીને, આનંદમય પરમાત્મતત્ત્વને અનુભૂતિગમ્ય કરજો.–એ જિનવાણીની સર્વોત્તમ ભક્તિ છે, ને એ વીતરાગગુરુઓની ભલામણ છે. સમયસાર–જિનાગમના અંતમાં 'આનંદમય વિજ્ઞાનઘન આત્માને પ્રત્યક્ષ કરતું આ અક્ષય જગતચક્ષુ પૂર્ણતાને પામે છે' એમ કહીને 'આત્માનો પ્રત્યક્ષ અનુભવ' તે આ આગમનું ફળ બતાવ્યું છે.

"ભક્તિપૂર્વક શ્રુતની ઉપાસના તે જિનની જ ઉપાસના છે. જિનદેવમાં ને શ્રુતદેવતામાં કાંઈ અંતર નથી, તેથી જે ભક્તિથી શ્રુતને ઉપાસે છે તે જિનદેવને જ ઉપાસે છે. આપણે હંમેશાં દેવ–ગુરુ સાથે શાસ્ત્રની પણ પૂજા કરીએ છીએ, ને ત્રણ રત્નોમાં ( દેવ–શાસ્ત્ર–ગુરુ તીન ) તેને પણ ગણીએ છીએ. પરંતુ, શાસ્ત્રને માત્ર ઉત્તમ કપડાવડે બાંધવાથી કે સારા સારા પૂંઠા ચડાવવાથી જ શ્રુતપૂજા સમાપ્ત થઈ જતી નથી; વાસ્તવિક શ્રુતપૂજા તો એકાગ્રચિત્તથી તેનું અધ્યયન કરવું ને તેના ભાવ સમજવા તે જ છે. આવી ભાવપૂજામાં દેવ અને શાસ્ત્રની એકતા થઈ જાય છે, અત્યારે આપણને આ ક્ષેત્રે જિનદેવના સાક્ષાત્કારનું સૌભાગ્ય તો નથી, પરંતુ જિનવાણીનો તો થોડોક સાક્ષાત્કાર થાય છે ને તેના અભ્યાસવડે આત્માનો પણ સાક્ષાત્કાર થઈ શકે છે.

સોના કે હીરા–માણેકવડે જેની કિંમત આંકી ન શકાય–એવા ગંભીર આત્મભાવો ( કે જે વીતરાગી સંતોના અનુભવમાંથી નીકળેલા રત્નો છે– ) તે સમયસારાદિ પરમાગમોમાં ભર્યા છે, અને તેથી જ આપણા જૈન પરમાગમોની મહાનતા તથા પૂજ્યતા છે, જિનાગમોમાં જે ગંભીર ચૈતન્યભાવો ભર્યા છે તે બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. –આમ પરમ બહુમાનપૂર્વક જિનાગમનું સેવન કરો....તમને આત્માના અમૂલ્ય નિધાન મળશે. મુમુક્ષુની નિરંતર ભાવના હોય છે કે–

**આગમકે અભ્યાસમાંહી પુનિ ચિત્ત એકાગ્ર સદીવ લગાવું;**
**દોષવાદમેં મૌન રહું ફિર પુન્યપુરુષ–ગુણ નિશદિન ગાવું.**

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ : ૩૨
અંક ૯

આત્મધર્મ ૨૫૦૦

વીર સં. ૨૫૦૧
: અષાઢ :
ઇ. સ. 1975
JULY

# 卐 સ્વાનુભૂતિ 卐

આત્મઅનુભવથી મોટું કોઈ શાસ્ત્ર આ જગતમાં નથી. સમસ્ત શાસ્ત્રોના સંગ્રહમાંથી જો કસ અને ફોતરાંનું પૃથક્કરણ કરવામાં આવે, એટલે કે જ્ઞાન અને રાગ ને બંનેની વહેંચણી કરવામાં આવે, તો માત્ર સ્વાનુભવરસરૂપી કસ જ બાકી રહે છે. એટલે બધાય શાસ્ત્રોનો રસ–કસ સ્વાનુભવમાં સમાય છે.

સર્વજ્ઞદેવે સ્વાનુભૂતિને જિનશાસન કહ્યું છે.

જ્ઞાનની અનુભૂતિ તે આત્માની અનુભૂતિ છે, અને તે જ જિનશાસનનું વિધાન છે. તે અનુભૂતિથી ઊંચું ખરેખર કાંઈ જ નથી; તે જ સમયનો સાર છે.

ધર્મનો પ્રાણ અને ધર્મનું જીવન એટલે સ્વાનુભૂતિ. ધર્માત્માનું અંતરંગ જીવનચરિત્ર...એટલે સ્વાનુભૂતિ. મોક્ષમાર્ગ સ્વાનુભૂતિમાં સમાય છે. અહા, તે સ્વાનુભૂતિને અતીન્દ્રિય–આનંદની છાપ લાગેલી છે.

સાધકનું ચિહ્ન શું?

**સ્વાનુભૂતિ**

સિદ્ધપ્રભુ શું કરે છે?

**સ્વાનુભૂતિ**

[ नमः समयसाराय स्वानुभूत्या चकासते ]

# ગંભીર સ્વભાવી અનંત જ્ઞેયો.....તેને જાણનારા જ્ઞાનની ગંભીર તાકાત ! તે જ્ઞાનમાં આનંદ છે, તે જ્ઞાન નિર્વિકલ્પ છે.

[ પ્રવચનસારના પ્રવચનોમાંથી જ્ઞાનમહિમાનું મધુર ઝરણું ]

* જ્ઞાનસ્વભાવી આત્મા છે, તેના જ્ઞાનમાં સર્વજ્ઞેયોને જાણવાની તાકાત છે. જ્ઞાન તે આત્માનો અસાધારણ સ્વભાવ છે, તેની તાકાત પણ અસાધારણ છે.
* અનંતા જીવો, અનંતાનંત પુદ્ગલો, એકેકપ્રદેશી અસંખ્ય કાળદ્રવ્યો, અનંતાનંતપ્રદેશી એક આકાશદ્રવ્ય, ને ધર્મ–અધર્મ દ્રવ્ય, –આવા અનંત જ્ઞેયપદાર્થો પોતપોતાના અનંત ગંભીર સ્વભાવસામર્થ્ય સહિત છે.
* આવા સમસ્ત ગંભીરસ્વભાવી જ્ઞેયોને એકસાથે જાણવાની તાકાત જ્ઞાનની એક પર્યાયમાં છે. અહા, જ્ઞાનની એ તાકાતની શી વાત !
* વિકલ્પમાં કે ઇન્દ્રિયમાં કાંઈ જાણવાની તાકાત નથી. જાણવાની તાકાત જ્ઞાનમાં જ છે. અને તે પણ અતીન્દ્રિય સ્વસન્મુખ થયેલું જ્ઞાન જ આવા ગંભીરસ્વભાવી જ્ઞેયોને જાણી શકે છે. વિકલ્પમાં કે ઇન્દ્રિયમાં અટકેલું જ્ઞાન તે જ્ઞેયોના સ્વભાવને પણ જાણી નથી શકતું.
* સ્વ–પરના જ્ઞેયોના ગંભીરસ્વભાવને જાણનારું અતીન્દ્રિયજ્ઞાન આનંદની મહોર–છાપવાળું છે. અનંતગુણના સ્વાદથી ભરેલ આનંદનો વિસ્તાર, તે સમ્યગ્જ્ઞાનનું ચિહ્ન છે. જીવને જ્યાં સમ્યગ્જ્ઞાન થાય ત્યાં તેના ઉપર અતીન્દ્રિય આનંદના સ્વસંવેદનની છાપ લાગી જાય છે. સાચું જ્ઞાન કદી આનંદ વગરનું હોતું નથી.
* અનંતા જીવો આ જગતમાં છે,–તેમાં તો અનંતા સિદ્ધભગવંતો પણ આવી ગયા. તે સિદ્ધભગવંતો અતીન્દ્રિયજ્ઞાનનો વિષય છે. તેનો નિર્ણય કરવા જાય ત્યાં જ્ઞાન સ્વસન્મુખ થઈને નિર્વિકલ્પ થઈ જાય છે ને અનંતગુણના સ્વાદનું વેદન કરે છે.
* કોઈપણ જ્ઞેયના સ્વભાવને જાણી શકે એવી વિકલ્પમાં તાકાત છે જ નહિ. જે જ્ઞાન સ્વસન્મુખ અતીન્દ્રિય થઈને પોતાના આત્માને સ્વજ્ઞેય બનાવે, તે જ જ્ઞાન આકાશ–કાળ વગેરે પરજ્ઞેયોને જાણી શકે.
* છએ પ્રકારના દ્રવ્યનો સ્વભાવ પરમાર્થે અતીન્દ્રિય છે; પરમાણુ–પુદ્ગલ ભલે મૂર્ત છે પરંતુ તે છૂટો પરમાણુ ઇન્દ્રિયગમ્ય નથી. આ રીતે અતીન્દ્રિયજ્ઞાનથી જ જાણી શકાય એવો છએ દ્રવ્યનો સ્વભાવ છે.

* આકાશદ્રવ્ય–સર્વવ્યાપક, જેની અનંતતાનો ક્યાંય પાર નહિ, તેનો સ્વીકાર જે જ્ઞાન કરે તે જ્ઞાનમાં આત્માના અનંત સર્વજ્ઞસ્વભાવનો સ્વીકાર હોય જ. સર્વજ્ઞસ્વભાવની સન્મુખ થઈને તેના સ્વીકાર વગર અનંતઆકાશનો સ્વીકાર થઈ શકતો નથી.

* એ જ રીતે અત્યંત સૂક્ષ્મ એવું એકપ્રદેશી કાળદ્રવ્ય, ને તેની પર્યાયરૂપ એક સમય,–તેને પણ સર્વજ્ઞ જ પ્રત્યક્ષ જાણે છે, એટલે સર્વજ્ઞસ્વભાવના સ્વીકાર વગર તે સૂક્ષ્મ દ્રવ્યોનો સ્વીકાર પણ થઈ શકતો નથી.

* છએ દ્રવ્યોનો સ્વભાવ અતીન્દ્રિયજ્ઞાનનો વિષય છે. જે જ્ઞાન સ્વસંવેદનવડે અતીન્દ્રિય થયું, આનંદરૂપ થયું, સમ્યક્ત્વસહિત થયું, તે જ જ્ઞાન જ્ઞેયપદાર્થોને યથાર્થ જાણી શકે છે. તે જ્ઞાનનું અપાર માહાત્મ્ય છે. પદાર્થોના ગંભીર સ્વભાવને જ્ઞાન વગર કોણ જાણે ? તે જ્ઞાન પોતે પણ અનંતગુણના સ્વાદથી ગંભીર છે.

* આકાશના એક જ પ્રદેશમાં અનંતા પુદ્‌ગલ–પરમાણુઓ રહે છતાં તે પ્રદેશના અનંત ભાગ નથી પડતા.

કાળના એક જ સમયમાં, એક જીવ કે પરમાણુ અનેક પ્રદેશોને ઓળંગી જાય–તેથી કાંઈ તે સમયના અનેક ભાગ પડતા નથી. એક પરમાણુ એક જ સમયમાં પાંચ પ્રદેશોને ઓળંગે છતાં સમયના પાંચ ભાગ નથી પડતા. –એ તો પરમાણુનો જ એવો વિશિષ્ટ ગતિસ્વભાવ છે. જીવ મોક્ષ પામે ત્યારે એક સમયમાં અહીંથી લોકાગ્રે પહોંચી જાય–એવો તેનો કોઈ ગતિસ્વભાવ છે, પણ તેથી કાંઈ ‘સમય’ના અસંખ્ય ભાગ કલ્પી શકાતા નથી. અહો, વસ્તુના સ્વભાવો એવા છે કે વિકલ્પો તેનો પાર નથી પામી શકતા. વીતરાગી જ્ઞાન જ તેનો પાર પામે એવી તાકાતવાળું છે. જ્યાં ગંભીર સ્વભાવ નક્કી કરવા જાય ત્યાં જ્ઞાન નિર્વિકલ્પ થઈ જાય છે.

* સર્વજ્ઞતાની એકપર્યાયમાં અનંતાનંત સામર્થ્ય છે. આકાશની અનંતતા પણ જેની પાસે સાવ નાની લાગે છે, આકાશની અનંતતા વડે પણ જેની અનંતતાનું માપ થઈ શકતું નથી,–એવી ગંભીરતા જ્ઞાનસ્વભાવમાં ભરી છે, ને ‘આવો જ્ઞાનસ્વભાવ હું છું’ એમ ઓળખતાં જ જ્ઞાન નિર્વિકલ્પ થઈ જાય છે, અતીન્દ્રિય આનંદના વેદનની છાપ તેને લાગી જાય છે; જ્ઞેયોને જાણવા છતાં તે પોતાના ચૈતન્યના પ્રશમરસમાં મગ્ન રહે છે.

* અહા, એવો જ્ઞાનસ્વભાવ–એ પણ એક જ્ઞેય છે; ને બીજા અનંતા જ્ઞેયતત્ત્વો છે. આવા સ્વ–પર જ્ઞેયસ્વભાવો તેને જાણતાં તેમાં ક્યાંય રાગ–દ્વેષ નથી રહેતા પણ પ્રશમભાવ જ પુષ્ટ થાય છે. વાહ રે વાહ ! વીતરાગી

જિનશાસન! તારી બલિહારી છે, સર્વજ્ઞભગવંતોના માર્ગની શી વાત! આવો માર્ગ દિગંબર સંતોએ ટકાવી રાખ્યો છે, ને જગતના જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે.

* અરે જીવ! તારા જ્ઞાનનું સ્વરૂપ અને સામર્થ્ય તો જો! એ જ્ઞાનમાં ક્યાંય રાગ–દ્વેષ–વિકલ્પો સમાય તેમ નથી; જ્ઞાન તો રાગ–દ્વેષથી જુદું પ્રશાંતસ્વરૂપી છે. અનંતાનંત જ્ઞેયોને જાણવા છતાં ક્યાંય રાગ–દ્વેષ કરે એવું જ્ઞાનનું સ્વરૂપ નથી.

* જેમ એક આકાશપ્રદેશમાં, ખંડ પડ્યા વગર અનંતાનંત પરમાણુઓને એકસાથે જગ્યા દેવાની કોઈ અચિંત્ય તાકાત છે, તેમ એક જ્ઞાનપર્યાયમાં, રાગ–દ્વેષ વગર અનંતાનંત જ્ઞેયોને જાણી લેવાની અચિંત્ય તાકાત છે. એ જ્ઞાનમાં કેટલી શાંતિ! અનંતગુણની કેટલી ગંભીરતા એમાં ભરી છે! –એને જાણતાં સમ્યગ્દર્શન થાય છે.

* ભાઈ, સર્વજ્ઞદેવનું શાસન પામીને આત્માને પ્રાપ્ત કરવાની આ મોસમ આવી છે. જેમ ઉદ્યમી ખેડુત વરસાદની મોસમ ચુકે નહિ તેમ જિનપ્રવચનની આ મધુર વર્ષામાં તું આત્માને સાધવાનું ચુકીશ નહીં.

અહા, જુઓ તો ખરા, જીવના જ્ઞાનની તાકાત!

અનંતા જ્ઞેયોને જાણે છતાં તે જ્ઞાનમાં રાગ–દ્વેષનો જરાય થડકારો પણ થતો નથી ને પોતાના સમભાવરૂપ સ્વભાવમાં સ્થિર રહે છે. અનંતા વિધવિધ જ્ઞેયોનું જ્ઞાન એકસાથે થવા છતાં તે જ્ઞાનમાં એક વિકલ્પ પણ થતો નથી. વિકલ્પ એ કાંઈ જ્ઞાનનું કાર્ય નથી; ને વિકલ્પમાં કાંઈ જ્ઞાનનું કામ કરવાની તાકાત નથી.

ક્યાં જ્ઞાનની અગાધ તાકાત! ને ક્યાં વિકલ્પ! બંનેને અત્યંત જુદાઈ છે.

* વિકલ્પ તો અચેતન જેવો છે,–તે નથી જાણતો સ્વને કે નથી જાણતો પરને.

* જ્ઞાન તો સ્વ–પર બધાને વિકલ્પ વગર જાણે, અને સ્વસંવેદનમાં ચૈતન્યની અનંતગુણોની શાંતિને વેદે–એવી તેની તાકાત છે.

આવું જ્ઞાન તે જ આત્માનું સ્વરૂપ છે; તે જ્ઞાનસ્વભાવમાં ઘણી ગંભીરતા છે, અનંતગુણનો વીતરાગીસ્વાદ જ્ઞાનની અનુભૂતિમાં સમાયેલો છે. આવી જ્ઞાનઅનુભૂતિ કરવી તે જ જૈનશાસનમાં ભગવાન તીર્થંકરોનું ફરમાન છે; જ્ઞાનઅનુભૂતિ તે જ મોક્ષનો ઉપાય ને તે જ જૈનધર્મ.

આવી અનુભૂતિસ્વરૂપ જૈનધર્મ જયવંત હો.
આવી અનુભૂતિ તે જ જૈનધર્મનું ધર્મચક્ર છે.
મહાવીર ભગવાનનું ધર્મચક્ર જગતનું કલ્યાણ કરો.

## ❀ ગંભીરસ્વભાવી જ્ઞેયોને વીતરાગીજ્ઞાન જ જાણે છે; વિકલ્પમાં સ્વ કે પરને જાણવાની તાકાત નથી. ❀

અનેકાન્તસ્વરૂપી જ્ઞેયપદાર્થોનું સ્વરૂપ એવું અગાધ ગંભીર છે કે જેને સ્વસન્મુખ અતીન્દ્રિય જ્ઞાનપૂર્વક જ જાણી શકાય છે. તે જ્ઞાન મહાન આનંદને ભોગવતું થકું જયવંત વર્તે છે. આવું આનંદમય જ્ઞાન ભગવાન વીરનાથના શાસનમાં જ પમાય છે, તેથી સત્પુરુષો ભગવાનના ઉપકારને ભૂલતા નથી.

* જગતના જીવ–અજીવ સમસ્ત તત્ત્વોમાં મહિમાવંત તત્ત્વ કયું?
આત્મતત્ત્વ સૌથી મહિમાવંત છે કેમકે જ્ઞાન ને સુખ આત્મતત્ત્વમાં જ છે, અન્ય તત્ત્વોના અસ્તિત્વને પણ તે જ જાણે છે.

* જગતમાં આત્મા કેટલા છે?
જગતમાં ભિન્ન ભિન્ન અનંતાનંત આત્માઓ છે.

* જગતમાં સંખ્યા અપેક્ષાએ સૌથી વધુ દ્રવ્યો કયા છે?
પુદ્ગલ–પરમાણુઓ અનંતાનંત છે. જીવો કરતાં પણ પુદ્ગલોની સંખ્યા અનંતગુણી છે.

* ક્ષેત્ર અપેક્ષાએ સૌથી મોટું દ્રવ્ય કયું છે?
આકાશદ્રવ્ય સૌથી મોટું છે, સર્વવ્યાપી છે.
ક્ષેત્ર અપેક્ષાએ સૌથી નાનાં દ્રવ્યો કયા છે?
કાળદ્રવ્ય અને પરમાણુદ્રવ્ય,–તેઓ એક જ પ્રદેશી છે, તેથી સૌથી નાનાં છે.

* મધ્યમક્ષેત્રી દ્રવ્ય કયું છે?
જીવદ્રવ્યના પ્રદેશો અસંખ્ય છે, તેથી તે મધ્યમક્ષેત્રવાળું છે.

* જીવ જેટલા જ પ્રદેશોવાળા બીજા કયા દ્રવ્યો છે?
ધર્મદ્રવ્ય તથા અધર્મદ્રવ્ય એ બંનેના પ્રદેશો જીવના પ્રદેશ જેટલા જ છે.

* સંખ્યા અપેક્ષાએ સૌથી ઓછા દ્રવ્ય કયા છે?
આકાશદ્રવ્ય એક જ છે,–સૌથી મોટું હોવા છતાં તે એક જ છે; ધર્મદ્રવ્ય તથા અધર્મદ્રવ્ય પણ એકેક જ છે. કાળદ્રવ્યો અસંખ્યાત છે; જીવદ્રવ્યો અનંત છે; પુદ્ગલ દ્રવ્યો તેનાથી પણ અનંતગુણા છે.

* કાળઅપેક્ષાએ સૌથી મોટું દ્રવ્ય કોણ ?

કાળઅપેક્ષાએ બધાય દ્રવ્યો અનાદિઅનંત ત્રિકાળવર્તી હોવાથી સરખાં છે, કોઈ પહેલાં–પછી નથી એટલે નાનું–મોટું નથી.

* ભાવઅપેક્ષાએ સૌથી મહાન કોણ ?

આમ તો બધાય દ્રવ્ય પોતપોતાના અનંતગુણરૂપ સ્વભાવવાળાં છે; પણ તેમાં આત્માના કેવળજ્ઞાનસ્વભાવનું સામર્થ્ય કોઈ અચિંત્ય વિશિષ્ટ છે, તેથી ભાવઅપેક્ષાએ કેવળજ્ઞાનસ્વરૂપી આત્મા સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે.

* આવા સર્વોત્કૃષ્ટ આત્મતત્ત્વનો નિર્ણય કરતાં શું થાય છે ?

જ્ઞાન નિર્વિકલ્પ થઈને અતીન્દ્રિય આનંદરૂપ પરિણમે છે.

* વિકલ્પ વડે આત્માનું સ્વરૂપ સમજાય ?

ના; કેમકે વિકલ્પ આત્માનું સ્વરૂપ નથી. વિકલ્પ બર્હિમુખ છે, જ્ઞાન અંતર્મુખ છે.

* વિકલ્પ વડે પરનું સ્વરૂપ સમજાય ?

ના; સ્વ–પર બંનેનું સ્વરૂપ સમ્યગ્જ્ઞાનથી જ સમજાય છે. જેણે આત્માને સમ્યગ્જ્ઞાનવડે નથી જાણ્યો તેને પરનું પણ સાચું જ્ઞાન હોતું નથી. સ્વ–પરનું સાચું જ્ઞાન તેને જ હોય છે કે જેણે રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન કર્યું હોય. જ્યાં રાગ અને જ્ઞાનની ભેળસેળ હોય ત્યાં શુદ્ધજ્ઞાન એટલે કે સાચું જ્ઞાન હોય નહિ, ને સાચા જ્ઞાન વગર સ્વપરને કોણ જાણે ?

* અનેકાન્તરૂપી જ્ઞેયપદાર્થોનું સ્વરૂપ એવું ગંભીર છે કે જેને સ્વસન્મુખ અતીન્દ્રિયજ્ઞાનપૂર્વક જ જાણી શકાય છે. તે જ્ઞાન મહાન આનંદને ભોગવતું થકું જયવંત વર્તે છે. આવું આનંદમય જ્ઞાન ભગવાન વીરનાથના શાસનમાં જ પમાય છે, તેથી સત્પુરુષો ભગવાનના ઉપકારને ભૂલતા નથી.

* તલવારના પ્રહાર પણ અહિંસક જીવને ડગાવી નથી શકતા; તલવારની તાકાત કરતાં અહિંસાની તાકાત ઘણી મહાન છે. જીવોને શાંતિ અહિંસામાંથી મળશે, તલવાર વડે નહિ.

* આત્માની શાંતિ તે જ સાચી ક્રાંતિ છે. જેમાં શાંતિ ન મળે એ ક્રાંતિ નથી, એ તો ભ્રાંતિ છે.

# ❀ નિર્વાણમહોત્સવની નિબંધયોજનામાં ભાગ લેનારા ભાઈ-બહેનો ❀

શ્રી મહાવીર ભગવાનનો અઢીહજાર વર્ષીય-નિર્વાણ મહોત્સવ ચાલી રહ્યો છે; તેના અનુસંધાનમાં, મુમુક્ષુ જીવોને આત્મહિતની ભાવનાપુષ્ટ થાય તથા ત્યાગભાવના પણ જાગે-એવા લક્ષથી 'મુનિવરોની સાથે' અને 'શ્રી આર્યિકા માતાની સાથે'-એ વિષય ઉપર નિબંધ લખવાની યોજના આત્મધર્મ-બાલવિભાગ દ્વારા રજુ કરવામાં આવી હતી, તેમાં કુલ ૬૭ નિબંધો (ગુજરાતી-હિંદીમાં) આવ્યા હતા. નિબંધ લખનારા ભાઈ-બહેનોનાં નામ ધન્યવાદ સાથે અહીં આપવામાં આવ્યા છે. નિબંધો તપાસવાનું ચાલુ છે, તે પૂરું થતાં તેની સૂચના આત્મધર્મમાં પ્રકાશિત થશે. (- સંપાદક)



"શ્રી મુનિરાજ સાથે"



"અર્જિકા માતાની સાથે"

| લેખ નં. | નામ | ગામ | લેખ નં. | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રદિપ પ્રાણલાલ જૈન | દાદર | ૧ | બ્ર. મૈનાબેન જૈન | સોનગઢ |
| ૨ | શાંતિલાલ કપુરચંદ શાહ | કલકત્તા | ૨ | ભાનુમતિ વછરાજ પારેખ | રાજકોટ |
| ૩ | પ્રકાશ મનસુખલાલ જૈન | કલકત્તા | ૩ | કંચનબેન વાલજીભાઈ જૈન | લીંબડી |
| ૪ | ઈન્દુલાલ રતિલાલ સંઘવી | મોરબી | ૪ | હર્ષાબેન પ્રફૂલ્લચંદ્ર જૈન | મલાડ |
| ૫ | અમૃતલાલ જે. શાહ | પ્રાંતિજ | ૫ | લલિતાબેન જૈન | રાણપુર |
| ૬ | શાંતિલાલ માણેકચંદ મહેતા | જામનગર | ૬ | સમતાબેન રતિલાલ હોલકર | સોનગઢ |
| ૭ | रूपचंदसा बालचंदसा जैन | मलकापुर | ૭ | ब्र. ताराबेन जैन | खैरागढ |
| ૮ | કાંતિલાલ રતિલાલ શાહ | લીંબડી | ૮ | સવિતાબેન કોઠારી | બેંગ્લોર-૩ |
| ૯ | વસંતરાય જે. મહેતા | વાંકાનેર | ૯ | ભારતીબેન નંદલાલ શાહ | લીંબડી |
| ૧૦ | અશ્વિન ડાહ્યાભાઈ મહેતા | સુરત-૩ | ૧૦ | હર્ષાબેન હિંમતલાલ શેઠ | લીંબડી |

## " શ્રી મુનિરાજ સાથે "

| લેખ નં. | નામ | ગામ | લેખ નં. | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧૧ | જયેશ હિંમતલાલ શેઠ | લીંબડી | २१ | अरुणकुमार बाबूलालजी | गुना |
| ૧૨ | જીતેન્દ્ર મનસુખલાલ અજમેરા | સોનગઢ | ૨૨ | મહાકાંત રમણીકલાલ સંઘવી | સુરેન્દ્રનગર |
| ૧૩ | લલિત મનસુખલાલ અજમેરા | સોનગઢ | ૨૩ | હિંમતલાલ વરજીવનદાસ વકીલ | બોરસદ |
| १४ | भानुकुमार जैन | ललितपुर | ૨૪ | પ્રકાશ અમૃતલાલ શાહ | ફતેપુર |
| ૧૫ | શશીકાંત શાંતિલાલ મહેતા | મુંબઈ–૭૭ | ૨૫ | રમણિકભાઈ ફૂલચંદ મહેતા | વલસાડ |
| १६ | गुलाबचन्द पांडया | भोपाल | २६ | प्रमोदकुमार केशरीचन्द जैन | खण्डवा |
| ૧૭ | રવજીભાઈ ગોવિંદભાઈ પટેલ | મુંબઈ–૬૬ | ૨૭ | શૈલેશ અનંતરાય ગાંધી | સોનગઢ |
| ૧૮ | મનસુખલાલ દાનજીભાઈ ગોહિલ | ભાવનગર | २८ | चन्द्रकुमार जैन | शिवपुरी |
| १९ | मोतीलालजी सिंधई | दमोह | ૨૯ | વાડીલાલભાઈ જૈન | વઢવાણસીટી |
| ૨૦ | જેઠાલાલ હીરાચંદ શાહ | ચોરીવાડ | | | |

## "અર્જિકા માતાની સાથે"

| લેખ નં. | નામ | ગામ | લેખ નં. | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧૧ | મંગળાબેન વાડીલાલ જૈન | લીંબડી | ૨૫ | નિલાબેન ત્રિકમલાલ શાહ | સુરેન્દ્રનગર |
| १२ | मालतीबेन रमेशचन्द्र जैन | छिन्दवाडा | २६ | शान्तिबेन जैन | सागर |
| ૧૩ | પ્રફૂલ્લાબેન લાલચંદ જૈન | લીંબડી | २७ | मीनाबेन सुमेरचन्दजी सिंधई | दमोह |
| १४ | सुधाबेन वी. पाटनी | छिन्दवाडा | ૨૮ | શકરીબેન છોટાલાલ મહેતા | નિકોડા |
| १५ | उषाबेन संधी | जयपुर | ૨૯ | ચદીબેન વાડીલાલ મહેતા | નિકોડા |
| १६ | शकुंतलाबेन चौधरी | उदयपुर | ૩૦ | ચંપાબેન ચંદુલાલ જૈન | નિકોડા |
| ૧૭ | સવિતાબેન ભોગીલાલ શાહ | અમદાવાદ–૨૨ | ૩૧ | રંજનબેન ચંદુલાલ જૈન | નિકોડા |
| ૧૮ | કલ્પનાબેન લાલચંદ જૈન | લીંબડી | ૩૨ | મંગુબેન અમૃતલાલ શાહ | ફતેપુર |
| ૧૯ | સુવર્ણાબેન લાલચંદ જૈન | " | ३३ | मैनादेवी चौधरी | देवास |
| ૨૦ | કીર્તિદાબેન અમરચંદ મહેતા | વાંકાનેર | ३४ | मीनुबेन चौधरी | देवास |
| २१ | कुन्तीकुमारी सुमेरचंदजी सिंधई | दमोह | ૩૫ | રંજનબેન જીવરાજભાઈ પારેખ | લીંબડી |
| २२ | कृष्णादेवी चौधरी | उदयपुर | ૩૬ | ચંદ્રીકાબેન એસ. શાહ | મુંબઈ–૨ |
| ૨૩ | મંજુલાબેન મનસુખલાલ અજમેરા | ભાવનગર | ૩૭ | હંસાબેન પ્રમોદરાય મહેતા | મુંબઈ–૫૬ |
| ૨૪ | કસ્તુરબેન એન લોદરીયા | સોનગઢ | ३८ | जयश्रीबेन केशरीचन्द्र जैन | खण्डवा |

# ❀ અપૂર્વ શાંતિ પામવા આત્માને ઓળખો ❀

લેખાંક : ૭

**અષાડ વદ એકમ એટલે ભગવાન મહાવીરના ધર્મચક્રપ્રવર્તનનો મંગલ દિવસ! અહા, એ દિવસે રાજગૃહીમાં વિપુલાચલ ઉપર કેવો મહાન અપૂર્વ આનંદકારી ધર્મોત્સવ ઉજવાયો હશે! પ્રભુના જે દિવ્યધ્વનિનો નાનકડો અંશ પણ આજે (અઢીહજાર ને એકત્રીસ વર્ષ પછી પણ) આપણને આવો મહાન આનંદ અને શાંતિ આપે છે–તે પ્રભુની સર્વજ્ઞતાની ને તેમના ઇષ્ટ ઉપદેશની શી વાત!! અષાડ વદ એકમે એ મંગલ દિવસ છે; સૌ આનંદથી વીરપ્રભુને યાદ કરીને શાંતરસને પીજો.**

ભગવાન મહાવીર કેવળજ્ઞાન પામ્યા, ને વિપુલાચલપર દિવ્યધ્વનિવડે નિર્વાણનો માર્ગ બતાવ્યો; નિર્વાણનો માર્ગ તો અંતરમાં આત્માના આધારે છે. આત્માની શક્તિને જે જાણતો નથી તે પરાધીનપણે સંસારમાં રખડે છે. આત્મા દૈવી ચૈતન્યશક્તિવાળો દેવ છે, પોતે જ પોતાનો આરાધ્ય દેવ છે...તેની આરાધના તે જ નિર્વાણનો મહોત્સવ છે.

જ્ઞાયકમૂર્તિ આત્મા જ મારે ઉપાદેય છે, એમ જાણીને સ્વભાવનું સાધન કર્યા વગર બીજો કોઈ મોક્ષનો ઉપાય નથી.

માટે મુમુક્ષુ–મોક્ષાર્થીજીવને દેહથી ભિન્ન સ્વસંવેદ્ય જ્ઞાનાનંદતત્ત્વ જાણવાનો ઉપદેશ છે.

મોક્ષ તો દેહરહિત છે–રાગરહિત છે. દેહને તથા રાગને જ જે આત્માનું સ્વરૂપ માને તે તેનાથી કેમ છૂટે? ચૈતન્યસ્વભાવ દેહથી ને રાગથી પાર છે, એનું સ્વસંવેદન તે જ મોક્ષનો ઉપાય છે.

ચેતનસ્વરૂપ આત્માના અંતરંગ પરિચય વગર શુભ રાગથી ગમે તેટલાં વ્રત–તપ

કરે તોપણ મુક્તિનો ઉપાય હાથ આવતો નથી. દેહથી ને રાગથી છૂટું પડવું છે તેને બદલે તે દેહને ને રાગને જ આત્મા માને તે તેનાથી છૂટો ક્યારે પડે? દેહથી ને રાગથી ભિન્ન, હું તો ચૈતન્યસ્વરૂપ છું–એવું જ્ઞાન કરીને તેમાં એકાગ્રતાવડે જ જીવ મુક્ત થાય છે. જ્ઞાનાનંદસ્વરૂપ આત્મામાં એકાગ્રતા વગર બધું નિરર્થક છે, તેના વડે નિર્વાણપદ પમાતું નથી.

જ્ઞાની જાણે છે કે અંતરમાં સ્વાનુભવથી પ્રસિદ્ધ એવું જે મારું પરમાત્મતત્ત્વ છે તે જ હું છું, અને જે હું છું તે જ પરમાત્મતત્ત્વ છે. આ પ્રમાણે પરમાત્મતત્ત્વમાં અભેદતા હોવાને કારણે હું જ મારો ઉપાસ્યદેવ છું, મારાથી ભિન્ન બીજું કોઈ મારે ઉપાસ્ય નથી– આવી વસ્તુસ્થિતિ છે. આરાધ્ય–આરાધકભાવની વ્યવસ્થા પોતાના સ્વતત્ત્વમાં જ સમાય છે.

જીવ રાગાદિ વિકારથી તો છૂટવા માંગે છે; જેનાથી છૂટવા માંગે છે તે કાંઈ છૂટવામાં મદદ કરે? ના. રાગાદિ વિકારથી તો છૂટવું છે તો તે છૂટવામાં રાગ કેમ મદદ કરે? રાગ કરતાં કરતાં છૂટકારો (મોક્ષમાર્ગ) થશે એમ જે માને છે તેને ખરેખર રાગથી છૂટવાની ભાવના નથી. પુણ્ય કરતાં કરતાં મોક્ષનાં દ્વારા ખૂલી જશે–એમ માનનારને મોક્ષની ખરી ભાવના જ નથી, મોક્ષને તે ખરેખર ઓળખતો પણ નથી.

જો રાગથી લાભ થવાનો ભગવાનનો ઉપદેશ હોય તો તે ભગવાન પોતે રાગમાં કેમ ન રોકાણા? ભગવાન રાગ છોડીને વીતરાગ કેમ થયા? ભગવાન પોતે રાગ છોડીને સ્વરૂપમાં ઠર્યા તે જ એમ બતાવે છે કે રાગ છોડવાનો જ ભગવાનનો ઉપદેશ છે; રાગથી લાભ થાય એમ જે માને તે ભગવાનના ઉપદેશને માનતો નથી.

રાગથી ધર્મ માનીને રાગને જે આરાધે છે તે ભગવાનના માર્ગે ચાલનારો નથી. અરે જીવ! તારે સર્વજ્ઞ ભગવાનના માર્ગે ચાલવું હોય–પ્રભુજીના પગલે–પગલે ચાલવું હોય તો રાગની ભાવના છોડીને ચિદાનંદસ્વભાવની જ ભાવના કર...તેની ભાવનામાં એકાગ્ર થઈને ચૈતન્ય–જિનપ્રતિમા થા...આવો પરમાત્માનો માર્ગ છે; જે આવા માર્ગે ચાલે છે તે પોતે પરમાત્મા થઈ જાય છે.

આત્મા અને દેહના ભેદજ્ઞાનવડે, ચૈતન્યમાં એકાગ્ર થયેલા ધર્માત્મા તો આનંદથી આહ્લાદિત છે, તે તો ચૈતન્યના આનંદમાં ઝૂલે છે, અનાકુળ શાંતિરસના વેદનમાં ડુબકી મારીને લીન થયા છે; ત્યાં અનેક ઉપવાસાદિ તપશ્ચરણ સહેજે થઈ જાય છે, તેમાં તેમને ખેદ થતો નથી પણ ચૈતન્યના આનંદનો વિષયાતીત આહ્લાદ આવે છે. અરે! ચૈતન્યના અનુભવમાં દુઃખ કેવું? ઋષભદેવ પ્રભુ છ મહિના સુધી ધ્યાનમાં એવા લીન રહ્યા કે ચૈતન્યના આનંદમાં વચ્ચે આહારની વૃત્તિ જ ન ઉઠી. ત્યાં કાંઈ તેમને દુઃખ ન હતું.

ત્યાર પછી બીજા છ મહિના પણ તપ કર્યો. લગભગ એક વર્ષના ઉપવાસ થયા, છતાં પરિણામમાં જરાય ખેદ ન હતો; આત્માના આનંદમાં ઘણી લીનતા હતી. આનંદમાં લીનતાવડે જ્ઞાની મુક્તિને સાધે છે. મુક્તિને સાધતાં દુખ લાગે તો તેણે મુક્તિના માર્ગને જાણ્યો નથી. મુક્તિ તો પરમાનંદની પ્રાપ્તિ છે, ને તેનો ઉપાય પણ આનંદમય છે, તેના ઉપાયમાં ગમે તેવી ઘોર પ્રતિકૂળતા આવી પડે તોપણ આત્માના આનંદથી આનંદિત સંતોને જરાય દુઃખ કે ખેદ થતો નથી દેહને અને સંયોગને પોતાથી ભિન્ન જાણીને જેઓ આત્મામાં જ લીન થયા છે તેમને દુઃખ કેવું? ગમે તેવા બાહ્ય સંયોગો આવી પડો પણ જ્યાં બાહ્ય વિષયો સંબંધી ચિંતા જ નથી ત્યાં દુઃખ કેવું? ચૈતન્યનો સ્વભાવ જ આનંદ છે–'आनंद ब्रह्मणो रूपं' તેના ચિંતનમાં દુઃખ કેમ હોય? અહો! જ્ઞાનીને તો આત્મસ્વરૂપમાં અપૂર્વ આનંદનો અનુભવ છે, પણ સંયોગદ્રષ્ટિવાળા મૂઢ અજ્ઞાની જીવને જ્ઞાનીના અંતરની ખબર નથી, પ્રતિકૂળ સંયોગોથી જ્ઞાનીને દુઃખ થતું હશે–એમ તે મૂઢતાથી માને છે. સિંહ આવીને ધ્યાનસ્થ મુનિના શરીરને ફાડી ખાતો હોય ત્યાં જેને એમ લાગે કે "અરેરે! મુનિને મહાદુઃખ થતું હશે" અરે મૂઢ! સંતો તો અંતરમાં ચૈતન્યસ્વરૂપની લીનતાથી મહા સુખી છે, મહા આનંદી છે; શરીરને સિંહ ફાડી ખાય તેમાં શું થયું? શરીરથી આત્માને ભિન્ન જાણીને સંતો તો ચૈતન્યમાં લીન થઈને આનંદને જ અનુભવે છે.

સાધક સંતો ઉપર ઉપસર્ગ આવે ત્યાં તે દૂર કરવાની વૃત્તિનો ભાવ ધર્મી ભક્તોને આવ્યા વિના રહે નહિ, પરંતુ ત્યાં સામા સંતોને દુઃખી માનીને તે ભાવ નથી આવતો, પણ પોતાના રાગને લીધે–ભક્તિભાવને લીધે તેવી વૃત્તિ આવે છે. જેને સંયોગ તરફ ઝૂકાવ થઈને રાગ–દ્વેષ થાય છે તેને જ દુઃખ થાય છે, પણ જેને સંયોગ તરફ ઝૂકાવ નથી ને સ્વભાવ તરફ જ ઝૂકાવ છે એવા સંતોને રાગ–દ્વેષ થતા નથી, અને તેથી ગમે તેવા સંયોગથી પણ તેમને દુઃખ થતું નથી, આનંદનો જ અનુભવ છે; ને એ રીતે ચૈતન્યના આનંદમાં લીન થઈને તે મુક્તિને સાધે છે.

જ્યાં સુધી બાહ્ય પદાર્થોમાં આ મને ઇષ્ટ અને આ મને અનિષ્ટ એવી રાગ–દ્વેષની બુદ્ધિરૂપ કલ્લોલોથી જીવ ચંચળ છે ત્યાં સુધી તેને ચૈતન્યના આનંદનો અનુભવ થતો નથી.

જેનું ચિત્ત સમસ્ત બાહ્ય પદાર્થોથી ભિન્ન પોતાના જ્ઞાનાનંદસ્વરૂપ આત્મામાં વળ્યું છે તે જીવ રાગ–દ્વેષાદિ કલ્લોલોથી રહિત સ્થિર છે, ને એવા સ્થિર શાંત ચિત્તવાળો જીવ જ પરમ આનંદમય આત્મતત્ત્વને દેખે છે. શાંત ઉપયોગવાળો જીવ જ પોતાના પરમતત્ત્વને દેખે છે, બીજા જનો દેખી શકતા નથી.

અંતરના ચૈતન્યનું નિર્વિકલ્પ વેદન ન થાય ત્યાં સુધી તો સમ્યગ્દર્શન પણ હોતું નથી. સંકલ્પ–વિકલ્પોથી વિમુખ શાંતચિત્ત થઈને ચૈતન્યસ્વભાવ તરફ ઝૂકીને નિર્વિકલ્પ વેદન કરે ત્યારે જીવને સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન પછી મુનિદશા કે સમાધિ થાય છે. સમ્યગ્દર્શન થતાં અમુક શાંતિ ને સમાધિ તો થઈ છે, પણ હજી મુનિદશાની વિશેષ સમાધિ નથી. આત્માનું સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યા પછી પણ જ્યાંસુધી રાગ–દ્વેષના કલ્લોલોથી જ્ઞાનજળ ચંચળ વર્તે છે ત્યાંસુધી નિર્વિકલ્પ આનંદનું વિશેષ વેદન થતું નથી.

અતીન્દ્રિય આત્મસ્વરૂપની સન્મુખતાવડે રાગ–દ્વેષાદિ તરંગો શાંત થઈ જાય છે. ચૈતન્યસ્વભાવની સન્મુખતા વગર બીજા કોઈ ઉપાયથી રાગદ્વેષના તરંગો શાંત થતા નથી–બહારની અનુકૂળતાના લક્ષે જે શાંતપરિણામ લાગે તે ખરી શાંતિ નથી. અંતર્સ્વભાવના લક્ષે રાગ–દ્વેષનો અભાવ થતાં જ ખરી શાંતિ હોય છે. અંતર્મુખ ઉપયોગ વખતે નિર્વિકલ્પ દશામાં પરમાત્મતત્ત્વ આનંદ સહિત સ્ફૂરાયમાન થાય છે, –પ્રગટ અનુભવમાં આવે છે. જેમ જેમ આવો અનુભવ વધતો જાય છે તેમ તેમ રાગ–દ્વેષ છૂટતા જાય છે ને વીતરાગી સમાધિ થતી જાય છે. પછી બહારની ગમે તેવી પ્રતિકૂળતા કે અનુકૂળતાથી પણ તેનું ચિત્ત ચલાયમાન થતું નથી. સ્વરૂપલીનતામાં જે અચિંત્ય આનંદ છે તેને ધર્મી પોતે જ જાણે છે, બીજા બાહ્યદ્રષ્ટિજીવો તેને જાણતા નથી. માટે હે જીવ! તું તારા જ્ઞાનને અંતર્મુખ સ્થિર કરીને તારા ચૈતન્યસ્વરૂપને આનંદથી દેખ.

બાહ્યવિષયોમાં વર્તતું સંકલ્પ સહિત મન તે સંસારનું કારણ છે, ને ચૈતન્યમાં ઠરેલું નિર્વિકલ્પ મન તે મોક્ષનું કારણ છે. બાહ્યવિષયોનું મનન–ચિંતન કરનારું મન તે સંસારનું કારણ છે; અને ચૈતન્યવિષયનું મનન કરનારું મન તે મોક્ષનું કારણ છે માટે ચૈતન્યસ્વરૂપમાં મનને સ્થિર કરવાનો દ્રઢ પ્રયત્ન કરો, એમ પૂજ્યપાદસ્વામીનો ઉપદેશ છે. (મન એટલે જ્ઞાન)

જ્યાં સુખ લાગે ત્યાં જ્ઞાન ઠરે...પરમાં જેને સુખ લાગતું હોય તેનું જ્ઞાન પરથી હઠીને સ્વમાં ઠરે નહિ; રાગમાં જેને સુખ લાગતું હોય તેનું જ્ઞાન રાગથી ખસીને સ્વભાવમાં ઠરે નહિ. આનંદ તો આત્માનો સ્વભાવ જ છે એટલે આત્મા પોતે જ આનંદસ્વરૂપે પરિણમે છે–આવો નિર્ણય કરીને જે જીવ અંતર્મુખ થાય છે તેનું ચિત્ત અવિક્ષિપ્ત થાય છે, રાગાદિથી તે વિક્ષિપ્ત થતું નથી.

અહા! વાસ્તવિક આનંદ શું છે તેની પણ જગતના જીવોને ખબર નથી, ને ભ્રમણાથી બાહ્યવિષયોમાંથી આનંદ લેવા માટે તે તરફ જ જ્ઞાનને જોડે છે, એટલે તેનું

ચિત્ત સદાય બાહ્યવિષયો પ્રત્યેના રાગદ્વેષથી વિક્ષિપ્ત જ રહે છે. અને જેનું ચિત્ત અંતર્મુખ થઈને ચૈતન્યના અતીન્દ્રિય આનંદના વેદનમાં જોડાયેલું છે તેનું ચિત્ત અવિક્ષિપ્ત રહે છે, કોઈપણ વિષયોથી વિક્ષિપ્ત થતું નથી, કેમકે બાહ્યવિષયો તરફ તેનું વલણ જ નથી.

આત્માનો આનંદ 'નિર્વિષય' છે એટલે કે બાહ્યવિષયો વિનાનો છે. અહા! જ્યાં અંતરના આનંદમાં અનુભવમાં લીન થયો ત્યાં જગતના બાહ્યવિષયો તેને શું કરે? જગતનો કોઈ અનુકૂળ વિષય તેને લલચાવવા સમર્થ નથી, તેમ જ ગમે તેવો પ્રતિકૂળ વિષય પણ તેને ડગાવવા સમર્થ નથી; તેના ચિત્તમાં કોઈ પ્રત્યેના રાગદ્વેષનો વિક્ષેપ જ રહ્યો નથી, સમભાવમાં તેનું ચિત્ત સ્થિર થયું છે. આવું અવિક્ષિપ્ત ચિત્ત તે મોક્ષનું કારણ છે; માટે હે ભવ્ય જીવો! આનંદસ્વરૂપ આત્માને ઓળખીને ચિત્તને તેમાં સ્થિર કરો એવો સંતોનો ઉપદેશ છે.

પોતાના જ્ઞાનતત્ત્વના દ્રઢ સંસ્કારવડે સ્વરૂપમાં સ્થિર થતાં રાગ–દ્વેષનો નાશ થઈ જાય છે.

જ્ઞાનસ્વભાવની ભાવનાથી જેણે પોતાના ચિત્તને સ્વરૂપમાં એકાગ્ર કરીને અવિક્ષિપ્ત કર્યું છે તેને માન–અપમાનથી વિક્ષેપ થતો નથી; અને જેનું ચિત્ત ચૈતન્યભાવનામાં એકાગ્ર નથી થયું તેને જ માન–અપમાનથી ચિત્તમાં વિક્ષેપ–ક્ષુબ્ધતા થાય છે.

'આણે મને બહુમાન આપ્યું' આણે મારું અપમાન કર્યું, આણે મારો તિરસ્કાર કર્યો, આણે મારી નિંદા કરી'–આવી માન–અપમાનની કલ્પના જીવને ત્યાં સુધી જ સતાવે છે કે જ્યાં સુધી તેનું ચિત્ત પોતાના જ્ઞાનમાં ઠરતું નથી. ચૈતન્યના આનંદમાં લીન થતાં, કોણ મારી સ્તુતિ કરે છે કે કોણ મારી નિંદા કરે છે–એનો વિકલ્પ જ ઊઠતો નથી, સર્વત્ર સમભાવ જ વર્તે છે–

જુઓ, આ સંતોની સમાધિદશા!–પણ આવી વીતરાગી સમાધિ કઈ રીતે થાય? કે જ્ઞાનસ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્રતાના દ્રઢ સંસ્કારથી આવી વીતરાગી સમાધિ થાય છે.

મારા જ્ઞાનસ્વભાવ સિવાય બીજું કોઈ મારું નથી, ઇન્દ્રિયોનો મને આધાર નથી, રાગનું મને શરણ નથી,–આવી ભાવનાવાળા જ્ઞાનીને પરદ્રવ્યથી પોતાનું માન–અપમાન લાગતું નથી. મારી મહત્તા તો મારા જ્ઞાનસ્વભાવથી જ છે, મારા સ્વભાવની મહત્તાને તોડવા જગતમાં કોઈ સમર્થ નથી.

–આમ પોતાના સ્વભાવની મહત્તા જેને નથી ભાસતી ને પરસંયોગવડે જેણે

પોતાની મહત્તા માની છે એવા અજ્ઞાનીને માન–અપમાન લાગ્યા વગર રહેતું નથી. કોઈ અપમાન કરે–નિંદા કરે–દ્વેષ કરે ત્યાં જાણે કે મારો સ્વભાવ જ હણાઇ ગયો–એમ અજ્ઞાનીને અપમાન લાગે છે, અને બહારમાં જ્યાં અનુકૂળતા ને માન મળે ત્યાં જાણે કે મારો સ્વભાવ વધી ગયો–એમ મૂઢ જીવ માને છે. આવી માન–અપમાનની વૃત્તિ અજ્ઞાનીને થાય છે. જ્ઞાનીને આવા પ્રકારની માન–અપમાનની વૃત્તિ થતી નથી, કેમકે પરસંયોગવડે પોતાના આત્માની મહત્તા કે હીનતા તે માનતા નથી.

કોઇ નિંદા કરે કે પ્રશંસા કરે, તે બંને વખતે હું તો તેનાથી જુદો જ્ઞાનસ્વરૂપ છું, નિંદાના કે પ્રશંસાના શબ્દો મારામાં આવતા નથી, નિંદા કરનાર તેના પોતાના દ્વેષભાવને કરે છે, પ્રશંસા કરનાર તેના પોતાના રાગભાવને કરે છે, પણ મારા જ્ઞાનસ્વભાવમાં તે કાંઈ કરતા નથી–આવા ભાનમાં ધર્મીને માન–અપમાનની બુદ્ધિ છૂટી ગઈ છે.

સ્વભાવભાવનાવડે તેમને માન–અપમાનની વૃત્તિ ટળીને સમાધિ–શાંતિ થાય છે. ભરત અને બાહુબલી બંને ચરમશરીરી સમકિતી હતા; ભરતચક્રવર્તીએ બાહુબલીને નમવાનું કહ્યું, ત્યાં બાહુબલીને એમ થયું કે અમારા પિતાજીએ (ઋષભદેવ ભગવાને) અમને બંનેને રાજ આપ્યું છે, ભરત રાજા છે તેમ હું પણ રાજા છું–તો હું ભરતને કેમ નમું? એમ જરાક માનની વૃત્તિ આવી; બંને વચ્ચે લડાઈ થતાં ભરત હારી ગયા; ત્યાં તેને જરાક અપમાનની વૃત્તિ થઈ; છતાં તે બંને ધર્માત્માને તે વખતેય જ્ઞાનસ્વભાવની જ ભાવના છે, જ્ઞાનસ્વભાવની ભાવના છૂટીને રાગદ્વેષની વૃત્તિ થઈ નથી, જ્ઞાનભાવનાની જ અધિકતા છે; માન–અપમાનની વૃત્તિ થઈ માટે તે વખતે તે અજ્ઞાની હતા–એમ નથી; અંદર જ્ઞાનભાવનાનું જોર પડયું છે, તેથી માન–અપમાનરૂપે તેમનું જ્ઞાન પરિણમતું જ નથી, એ વાતની અજ્ઞાનીને ઓળખાણ નથી.

જ્ઞાનસ્વભાવની ભાવનામાં જ્ઞાનીને જ્ઞાનનું જ પરિણમન થાય છે, માન–અપમાન થતું નથી; જરાક રાગદ્વેષની વૃત્તિ થાય ત્યાં તે વૃત્તિને પણ જ્ઞાનથી ભિન્નરૂપ જ જાણે છે ને જ્ઞાનસ્વભાવની જ ભાવનાવડે જ્ઞાનની અધિકતારૂપે જ પરિણમે છે. જ્ઞાનીની આવી આત્મભાવનાને અજ્ઞાની ઓળખતો નથી, એટલે જ્ઞાનીને જરાક રાગ–દ્વેષની વૃત્તિ દેખે ત્યાં તેને એવો ભ્રમ થાય છે કે જ્ઞાની આ રાગ–દ્વેષને જ કરે છે. પણ જ્ઞાની તો તે વખતે રાગ–દ્વેષથી અધિક જ્ઞાનભાવરૂપે જ પરિણમે છે તેને ખરેખર જ્ઞાની જ ઓળખે છે.

ગમે તેવા પ્રતિકૂળ પ્રસંગમાં કે અનુકૂળ પ્રસંગમાં પણ ચૈતન્યભાવનાવાળો જીવ પોતાના સમ્યગ્દર્શનાદિથી ચ્યૂત થતો નથી, જ્ઞાનભાવથી ચ્યૂત થતો નથી. આ રીતે જ્ઞાન–

સ્વભાવની ભાવના જ વીતરાગી સમાધિનો ઉપાય છે, માટે તે જ ભાવના કરવા જેવી છે, એમ પૂજ્યપાદ-પ્રભુનો ઉપદેશ છે.

જ્ઞાની તો જાણે છે કે માનનો પ્રસંગ હો કે અપમાનનો પ્રસંગ હો, હું તો જ્ઞાન જ છું; અનુકૂળ પ્રસંગ વખતે પણ હું તો 'જ્ઞાન' જ છું, ને પ્રતિકૂળ પ્રસંગ વખતે પણ હું તો 'જ્ઞાન' જ છું; એમ સર્વ પ્રસંગે હું તો જ્ઞાનસ્વભાવ જ છું-એવી જ્ઞાનભાવના જ્ઞાનીને વર્તે છે, ને તે જ્ઞાનભાવનાના જોરે તેને રાગ-દ્વેષનો નાશ જ થતો જાય છે, એટલે તેને સમાધિ-શાંતિ થાય છે. માટે-

[ હવે માન-અપમાન સંબંધી વિકલ્પો દૂર કરવાનો ઉપાય બતાવશે. ]

*****

## સોનગઢમાં જૈનદર્શન-શિક્ષણવર્ગ

સોનગઢમાં દરવર્ષની માફક શ્રાવણ માસમાં તત્ત્વજિજ્ઞાસુ જૈન ભાઈઓ માટેનો શિક્ષણવર્ગ વીસ દિવસ ચાલશે. શ્રાવણ સુદ પાંચમને સોમવાર તા. ૧૧-૮-૭૫ થી શરૂ કરીને શ્રાવણ વદ આઠમને શનિવાર તા. ૩૦-૮-૭૫ સુધી ચાલશે. શિક્ષણવર્ગમાં મોક્ષમાર્ગપ્રકાશક, દ્રવ્યસંગ્રહ અને જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા ચાલશે; જેમની પાસે તે પુસ્તકો હોય તેમણે સાથે લાવવા. શિક્ષણવર્ગમાં લાભ લેવા જેમની ઇચ્છા હોય તેમણે નીચેના સરનામે જણાવવા ખાસ સૂચના છે.-

"શિક્ષણવર્ગ" શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર
સોનગઢ ( ૩૬૪૨૫૦ )

# પોપટિયા જ્ઞાનવડે દુઃખમાંથી આત્માની રક્ષા નહિ થાય.
# ચૈતન્યપરિણમન વડે જ આત્માની રક્ષા થશે.

આત્માને સમજાય અને જે સમજતાં આત્માને શાંતિ થાય–એવી આ વાત છે, એકકોર વીતરાગી શાંતરસનો દરિયો, બીજીકોર સંસારના રાગરૂપી દાવાનળ,–તે બંનેને ભિન્ન જાણનારું સમ્યગ્જ્ઞાન રાગના દાવાનળને બુઝાવી નાંખે છે, ને આત્માને શાંતિમાં ઠારે છે. જ્યાં આવું સમ્યગ્જ્ઞાન થયું ત્યાં જ્ઞાનીને રાગની મજા ઊડી ગઈ, હવે તેને જ્ઞાનની અતીન્દ્રિય શાંતિમાં જ મજા આવે છે. આવી શાંતિના વેદન વગર આત્માને કદી કષાયો શાંત પડે જ નહીં,–ભલે ત્યાગી થાય, વ્રત પાળે કે શાસ્ત્રોનું રટણ કરે,–એ તો બધું પોપટિયું જ્ઞાન છે.

* પોપટીયું જ્ઞાન એટલે શું?

એક હતો પોપટ. તેના માલિકે તેને બોલતાં શીખડાવ્યું કે ‘બિલ્લી આવે તો ઊડી જવું....બિલ્લી આવે તો ઊડી જવું....’ એકવાર ખરેખર બિલાડી આવી, ને પોપટને મોઢામાં પકડયો, તોપણ બિલાડીના મોઢામાં પડયો–પડયો પણ તે પોપટ ગોખે છે કે ‘બિલ્લી આવે તો ઊડી જવું....બિલ્લી આવે તો....’ એ ગોખવું શું કામનું! એ ગોખણપટ્ટીથી કાંઈ પોતાની રક્ષા થતી નથી. તેમ અંદર ચૈતન્યતત્ત્વ શું છે તેના ભાન વગર “શાસ્ત્રમાં આમ કહ્યું છે, રાગને દુઃખદાયક કહ્યો છે, આત્માને જ્ઞાનસ્વરૂપ કહ્યો છે” એમ પોપટની જેમ રટયા કરે કે અંદર તેવા વિકલ્પો કર્યા કરે, પણ ખરેખર વિકલ્પથી પાર થઈને અંતરના ચૈતન્યતત્ત્વમાં પરિણામ જોડે નહિ તો શાંતિ ક્યાંથી થાય? બિલાડીના મોઢાની જેમ તે મિથ્યાત્વના મોઢામાં જ ઊભો રહીને ગોખે છે કે ‘વિકલ્પથી જુદા પડવું...જ્ઞાનરૂપ થવું’ પણ ખરેખર જુદો તો પડતો નથી, જ્ઞાનરૂપ થતો નથી, તો એકલા શાસ્ત્ર ગોખ્યે કાંઈ શાંતિનું વેદન થાય નહીં; અંદર તેવા ભાવરૂપ પરિણમન થવું જોઇએ. અને જેની ચેતના રાગથી જુદી પડી ગઇ છે ને સમ્યગ્જ્ઞાનરૂપ પરિણમન થયું છે તેણે ‘રાગથી જુદો છું...’ એમ ગોખવું ન પડે; જ્ઞાનને ટકાવવા માટે વિકલ્પ ન કરવા પડે. જેમ કોઈ પોપટને ‘બિલાડી આવે તો ઊડી જવું’ એમ બોલતાં ભલે ન આવડે,–પણ બિલાડીનો પ્રસંગ આવે ત્યાં પોતે દૂર ભાગી જાય તો તેની રક્ષા જ થાય છે; તેમ શાસ્ત્રભણતર ભલે ઝાઝું ન હોય, પણ રાગ અને જ્ઞાનની ભિન્નતા જાણીને જેની પરિણતિ ચૈતન્યભાવરૂપે પરિણમી ગઈ છે તેનું જ્ઞાન તો દરેક પ્રસંગે વિકલ્પથી જુદાપણે જ ચૈતન્યમાં વર્તે છે, એટલે જન્મ–મરણથી તેની રક્ષા થાય છે.

* આત્માને સમસ્ત અન્ય દ્રવ્યોથી જુદો પાડનારું *

# આત્માનું સ્વરૂપ-અસ્તિત્વ કેવું છે ?

**શ્રી પ્રવચનસાર ગા. ૧૫૪ માં આત્માના ભિન્ન અસ્તિત્વનું સ્વરૂપ બતાવતાં આચાર્ય દેવ કહે છે કે પોતાના ચૈતન્યમય અસ્તિત્વમાં રહેલા એવા ઉત્પાદ–વ્યય–ધ્રુવતા કે દ્રવ્ય–ગુણ–પર્યાય એવા ત્રિવિધ સ્વભાવને જે જાણે છે તે જીવ અન્ય દ્રવ્યમાં મોહને પામતો નથી; કેમકે તે પોતાના સમસ્ત દ્રવ્ય–ગુણ–પર્યાયને પોતામાં દેખે છે, ને પરના દ્રવ્ય–ગુણ–પર્યાયને પરમાં દેખે છે, તેનો સંબંધ પોતાની સાથે નથી–એમ તે જાણે છે, એટલે તેને પરમાં ક્યાંય એકત્વબુદ્ધિરૂપ મોહ થતો નથી.**

જગતમાં એક પોતાનો આત્મા સ્વતત્ત્વ, અને બીજા અનંતા જીવ–અજીવ–પરતત્ત્વો, એવા સ્વ–પરજ્ઞેયો વિદ્યમાન સત્ છે.

તેમાં આ આત્માનું અસ્તિત્વ બીજા બધાથી જુદું સ્વતંત્ર છે એમ પોતાની ચેતના વડે જણાય છે. આત્મા ચૈતન્યસ્વરૂપ છે–એ જ તેનું સ્વરૂપ–અસ્તિત્વ છે.

તે ચૈતન્યરૂપ આત્માનું અસ્તિત્વ કેવું છે ?

પોતાના ચૈતન્યરૂપ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં રહેલું છે, અથવા પોતાના ચૈતન્યરૂપ ઉત્પાદ–વ્યય–ધ્રુવતામાં રહેલું છે; આ રીતે પોતાના ત્રિવિધસ્વભાવમાં આત્માનું અસ્તિત્વ છે. એનાથી બહાર બીજે ક્યાંય આત્માનું અસ્તિત્વ નથી.

જુઓ, અસ્તિત્વમાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે સમાઈ જાય છે, અથવા ઉત્પાદ–વ્યય–ધ્રુવતા ત્રણે સમાઈ જાય છે,–પણ તે ત્રણે ચૈતન્યસ્વરૂપ છે.–આવા સ્વરૂપે પોતાના આત્માને ઓળખવો જોઈએ.

ધર્મીજીવ પોતાના સ્વરૂપને પરથી જુદું એમ વિચારે છે કે–ચેતનભાવે જે ધ્રુવ રહે છે, તેમ જ પૂર્વ–પછીના વ્યતિરેકરૂપ જે ઉત્પાદ–વ્યય તેને જે સ્પર્શે છે–એવા ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણેમાં રહેલા ચેતનસ્વરૂપે મારું અસ્તિત્વ છે. મારા દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેયસ્વભાવો મારા અસ્તિત્વમાં સમાય છે.–આવું મારું અસ્તિત્વ, બીજા બધાયથી અત્યંત જુદું છે.

–આમ ચૈતન્યલક્ષણવડે બીજા બધાથી પોતાના અસ્તિત્વને અત્યંત જુદું દેખનાર જીવ, પોતાના ચૈતન્યભાવને રાગાદિ અન્યભાવોથી પણ જુદો જાણે છે. ચૈતન્યભાવને પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવથી કે દ્રવ્ય–ગુણ–પર્યાયથી જુદો નથી જાણતો, તે ત્રણે તો પોતાનો સ્વભાવ જ છે–એમ તે જાણે છે.–આવા સમ્યગ્જ્ઞાન વગર આત્માને મધ્યસ્થતા, વીતરાગતા કે પ્રશમભાવ થઈ શકે નહિ. સમ્યગ્જ્ઞાનનું ફળ તો પ્રશમની પ્રાપ્તિ છે.

ચૈતન્યમય દ્રવ્ય–ગુણ–પર્યાયમાં રહેલા, અથવા ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં રહેલા પોતાના સ્વરૂપઅસ્તિત્વને જ ધર્મીજીવ સ્વ–પરના વિભાગની સિદ્ધિ માટે પદે–પદે અવધારણ કરે છે. –આવા દ્રવ્યસ્વભાવને જાણતાં પરદ્રવ્યપ્રત્યેનો મોહ દૂર થઈ જાય છે ને પ્રશાંતભાવ પ્રગટે છે.

૧. ચેતનપણાનો અન્વય જેનું લક્ષણ છે એવું દ્રવ્ય,

૨. ચેતના–વિશેષપણું જેનું લક્ષણ છે એવો ગુણ,

૩. ચેતનપણાના વ્યતિરેકો જેનું લક્ષણ છે એવી પર્યાયો,

ધર્મી જાણે છે કે,–આવા દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે સ્વરૂપમાં હું રહેલો છું, તે જ મારું અસ્તિત્વ છે; મારા આવા સ્વભાવ વડે હું ખરેખર બીજા બધાયથી અત્યંત જુદો છું.

મારી જેમ જગતના બીજા અન્ય દ્રવ્યો પણ સૌ પોતપોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં જ રહેલાં છે; તેમની સાથે મારે કાંઈ જ સંબંધ નથી.

તે દ્રવ્યનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવતાનો સંબંધ તેમના અસ્તિત્વ સાથે છે, મારી સાથે નહિ.

મારા ઉત્પાદ–વ્યય–ધ્રુવતાનો સંબંધ મારા અસ્તિત્વ સાથે છે, પરની સાથે નહિ.

જુઓ, આ વસ્તુસ્વરૂપનું ભેદજ્ઞાન! આ સ્વ–પરનો સાચો વિભાગ.

હું કર્તા થઈને બીજાના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં કાંઈ કરું,

કે બીજો કર્તા થઈને મારા દ્રવ્ય–ગુણ–પર્યાયમાં કાંઈ કરે,

–એવો સ્વ–પરની એકતાનો મોહ ધર્મીજીવને જરાપણ થતો નથી. માટે મુમુક્ષુએ સ્વ–પરના વિભાગની સિદ્ધિ માટે પોતાના આવા દ્રવ્ય–ગુણ–પર્યાયમય સ્વરૂપ–અસ્તિત્વને પદે–પદે અવધારવું–નિશ્ચિત કરવું–એમ જિનપ્રવચનનો ઉપદેશ છે.

ચેતન કે અચેતન–બધાય પદાર્થો પોતપોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વભાવવાળા છે; તે સ્વભાવમાં જ તેમનું અસ્તિત્વ છે.

મારા ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વભાવને હું પરથી ભિન્ન જાણું છું, મારા સ્વભાવમાં જ મારું અસ્તિત્વ છે.

–આવી ભિન્નતા જાણનારું જ્ઞાન પોતાના અગાધ–ગંભીર સ્વરૂપને પોતામાં જ દેખતું થકું તેની અતીન્દ્રિય શાંતિને વેદે છે; એટલે સમ્યગ્જ્ઞાન છે તે અતીન્દ્રિય આનંદની છાપવાળું છે.

અહો, જુઓ તો ખરા સર્વજ્ઞના માર્ગનું વિજ્ઞાન! પદાર્થના સ્વરૂપનું આ વિજ્ઞાન જીવને મોહ દૂર કરીને વીતરાગતા કરાવે છે, વીતરાગતા કરાવીને અતીન્દ્રિય સુખ આપે છે. જિનમાર્ગનું આવું વીતરાગી વિજ્ઞાન નિરંતર અભ્યાસ કરવા જેવું છે.

* * * * *

* નુતન જીવનની શરૂઆત, ને પૂર્વજીવનનો અંત તેને લોકો મૃત્યુ અથવા જન્મ કહે છે.
* ‘મૃત્યુ’ એ તો આત્માની પર્યાયનું પરિવર્તન છે, તેમાં કાંઈ આત્માનો નાશ નથી થઈ જતો.
* મૃત્યુ એ તો નુતનજીવનનો પ્રારંભ છે–તો પછી તેમાં ભય શો? ઉત્સાહથી નવું જીવન શરૂ કરો.
* આ ભવની પૂર્ણતા (મરણ), અને બીજા ભવની (–કે મોક્ષની) શરૂઆત (નવું જીવન) તેની વચ્ચે કાંઈ જરાય આંતરું નથી; એટલે જીવની જીવનધારાનો પ્રવાહ અનાદિઅનંતકાળમાં વચ્ચે ક્યાંય ક્ષણમાત્ર પણ તૂટતો નથી. જીવનતત્ત્વની આવી સળંગતા દેખનારને મરણભય હોતો નથી.

# (૨) અ ધ્યા ત્મ ર સ-ઘો લ ન

## ભવિકજનોને આનંદજનની વૈરાગ્ય-અનુપ્રેક્ષા

[ શ્રી કાર્તિકસ્વામી રચિત બાર અનુપ્રેક્ષાનો ગુજરાતી અનુવાદ : લે : ૧ ]

આ વિભાગમાં નવીન સ્વાધ્યાયવડે જ્ઞાન–વૈરાગ્યની પુષ્ટિ થાય ને અધ્યાત્મરસનું ઘોલન થાય, તેવા મૂળશાસ્ત્રનો માત્ર ગુજરાતી અનુવાદ આપીએ છીએ. તેમાં પ્રથમ 'પાહુડ–દોહા'નો અનુવાદ ગતાંકમાં પૂરો થયો. (ધ્યાન રહે કે, 'પાહુડદોહા' અને 'અષ્ટપ્રાભૃત' બંને રચનાઓ તદ્દન જુદી છે. અષ્ટપ્રાભૃતની મૂળ ગાથાઓનો અનુવાદ અગાઉ આત્મધર્મ અંક ૩૨૧ થી ૩૨૪ સુધીમાં આપી ગયા છીએ.) હવે અહીં સ્વામીકાર્તિકેયમુનિરાજ રચિત બાર વૈરાગ્ય–અનુપ્રેક્ષાઓનો અનુવાદ આપવામાં આવશે.

આ બાર વૈરાગ્યભાવનાઓ બધાય તીર્થંકરો પણ દીક્ષાપ્રસંગે ચિંતવે છે, ને ભવિકજનોને માટે તે આનંદજનની છે,–એના ચિંતનવડે જીવને જરૂર આનંદ થાય છે. આ ગ્રંથમાં કુલ ૪૮૯ ગાથાઓ છે, તેમાં બાર ભાવનાઓ દ્વારા વસ્તુસ્વરૂપનું ગંભીર પ્રતિપાદન કર્યું છે...કેવા વસ્તુસ્વરૂપના ચિંતનવડે જીવને સાચો વૈરાગ્ય હોઈ શકે તે વાત આ શાસ્ત્ર બહુ સારી રીતે સમજાવે છે. સામાન્ય માન્યતાઅનુસાર, વર્તમાન ઉપલબ્ધ બધાય જૈન સાહિત્યમાં આ 'અનુપ્રેક્ષા–ગ્રંથ' સૌથી પ્રાચીન હોવાનું મનાય છે; વિક્રમ સંવતની પૂર્વે ૨૦૦ વર્ષ અગાઉ, એટલે કે મહાવીર ભગવાન પછી ૩૦૦–૪૦૦ વર્ષમાં જ તેની રચના થઈ હોવાનું મનાય છે; અને ગ્રંથના વિષયોની ગંભીરતા જોતાં તે માન્યતા પુષ્ટ થાય છે. અને તે માન્યતા સાચી હોય તો, षट्खंडागम અને समयसार કરતાં પણ સેંકડો વર્ષ પ્રાચીન એવો આ એક અણમુલો ગ્રંથ આજે આપણને ઉપલબ્ધ છે.

'અધ્યાત્મ–ઝવેરી' શ્રીમદ્રાજચંદ્રજીએ આ અધ્યાત્મરત્નને પારખી લીધું હતું; તેના સંબંધમાં તેઓશ્રી લખે છે કે તે વૈરાગ્યનો ઉત્તમ ગ્રંથ છે. તેમાં દ્રવ્યનું સ્વરૂપ બતાવનાર ચાર શ્લોક અદ્ભુત છે. ગઈ સાલ (વિ. સં. ૧૯૫૬ માં) જેઠ માસમાં અમે મદ્રાસ ગયા હતાં. કાર્તિકેયસ્વામી એ ભૂમિમાં બહુ વિચર્યા છે. એ તરફના નગ્ન ઊંચા

અડોલવૃત્તિથી ઊભેલા પહાડ નીરખી સ્વામી કાર્તિકેયાદિની અડોલ વૈરાગ્યમય દિગંબરવૃત્તિ યાદ આવતી હતી. તે સ્વામી–કાર્તિકેયાદિને નમસ્કાર.

આ ગ્રંથના રચનાર શ્રી કાર્તિકસ્વામી મુનિરાજ પરમવૈરાગી દિગંબરસંત છે. કાર્તિકેયમુનિરાજ સંબંધી એક કથા 'કથાકોષ'માં આવે છે, પરંતુ તે કથા આ જ કાર્તિકસ્વામીની છે કે બીજા કોઈ કાર્તિકસ્વામીની?–તે સંબંધી કોઈ ચોક્કસ નિર્ણય ઈતિહાસકારો આપતા નથી. છતાં, આટલી અનિશ્ચિતતા રાખીને પણ, આપણે તે કાર્તિકેયસ્વામીની કથાનો ટૂંકો ઉલ્લેખ અહીં કરીશું.–

એક રાજા પોતાની 'કાર્તિકી' નામની યૌવનવતી પુત્રીને દેખીને મોહિત થયો, ને તેની સાથે લગ્ન કર્યા. તેને એક પુત્ર થયો; તેનું નામ કાર્તિકેયકુમાર. તે બાળક કાર્તિકેયે સાંભળ્યું કે પોતાનો જે પિતા છે, પોતાની માતાનો પણ તે જ પિતા છે; પિતા–પુત્રીના લગ્નનો આવો અનર્થકારી પ્રસંગ દેખીને તેણે પૂછયું હે માતા! આવું અકાર્ય કરતા પિતાને શું કોઈએ રોકયા નહિ? ત્યારે માતાએ કહ્યું–બેટા! જૈન સાધુઓએ તેને ઘણા વાર્યા પણ તે કોઈ રીતે ન માન્યા. વિષયાંધ જીવને વીતરાગી શિખામણ ક્યાંથી રુચે?

કાર્તિકેયે પૂછયું–હે માતા! એ જૈનમુનિઓ કેવા હોય છે? ત્યારે માતાએ દિગંબર–વીતરાગ મુનિવરોનું અદ્ભુત વર્ણન કર્યું; તે સાંભળીને તેના બહુમાનપૂર્વક તે કાર્તિકેયકુમાર પણ સંસારથી વિરક્ત થઈને જૈનસાધુ થયા.–સંભવ છે કે તેમનું જીવન આવી વૈરાગ્યઘટનાથી ભરેલું હોવાથી, તેમને આ વૈરાગ્યની અનુપ્રેક્ષા રચવાની વિશેષ સ્ફુરણા જાગી હોય! (પછી તો તેમની બહેન એકવાર તે મુનિરાજને વંદન કરતી હોય છે, ત્યારે તેનો સ્વામી (રાજા) તે દેખીને શંકિત થાય છે ને મુનિરાજ ઉપર ઘોર ઉપસર્ગ કરે છે. મુનિરાજ સમાધિપૂર્વક પ્રાણ છોડે છે. આ પ્રસંગ ઉપરથી ભાઈ–બીજની પ્રસિદ્ધિ હોવાનું કેટલાક કથાકારો કહે છે.) આવા કાર્તિકેયસ્વામીની આ વૈરાગ્યરસઝરતી રચના ભવિકજનોને આનંદ પમાડશે. (સં.)

## 卐 ભવિકજન–આનંદજનની બાર વૈરાગ્યઅનુપ્રેક્ષા 卐

(૧) ત્રણ ભુવનના તિલક તેમજ ત્રણ ભુવનના ઇન્દ્રો દ્વારા પૂજ્ય એવા દેવને વંદન કરીને, હું ભવ્યજીવોને આનંદની જનની એવી અનુપ્રેક્ષાઓ કહું છું (અહીં 'દેવ તરીકે પંચપરમેષ્ઠી ભગવંતોને વંદન કર્યા છે.)

( ૨–૩ ) હે ભવ્ય જીવો ! ૧–અધ્રુવ, ૨–અશરણ, ૩–સંસાર, ૪–એકત્વ, ૫–અન્યત્વ, ૬–અશુચિત્વ, ૭–આસ્રવ, ૮–સંવર, ૯–નિર્જરા, ૧૦–લોક, ૧૧–દુર્લભ, ૧૨–ધર્મ, એમ બાર પ્રકારની અનુપ્રેક્ષા શ્રી જિનદેવે કહી છે; તેને જાણીને મન–વચન–કાયાની શુદ્ધિપૂર્વક, ( હવે કહેશે તે પ્રમાણે ) નિરંતર ભાવો.

[ બાર ભાવનાનો ટૂંકો અર્થઃ ૧–અધ્રુવ તો અનિત્યને કહે છે; ૨–જેમાં શરણ નથી તે અશરણ છે; ૩–ભ્રમણ તે સંસાર છે; ૪–જ્યાં બીજું નથી તે એકત્વ છે; ૫–સર્વથી જુદાપણું તે અન્યત્વ છે; ૬–મલિનતા તે અશુચિત્વ છે; ૭–જે કર્મનું આવવું તે આસ્રવ છે; ૮–કર્મનું આગમન અટકી જવું તે સંવર છે; ૯–કર્મનું ઝરી જવું તે નિર્જરા છે; ૧૦–જેમાં છ દ્રવ્ય દેખાય તે લોક છે; ૧૧–જે અતિ કઠિનતાથી પામીએ તે દુર્લભ છે; અને ૧૨–સંસારમાંથી જે ઉદ્ધાર કરે તે વસ્તુસ્વરૂપાદિક ધર્મ છે. આવી બાર અનુપ્રેક્ષાઓનું વર્ણન હવે અનુક્રમે કરે છે; વૈરાગ્યપૂર્વક તેનું ચિંતન ભવ્યજીવોને આનંદ ઉપજાવે છે. માટે તેનું સ્વરૂપ જાણીને નિરંતર તે ભાવો. )

## 卐 [ ૧ ] અધ્રુવ અનુપ્રેક્ષા 卐

[ આમાં ૧૯ ગાથાઓ ( ૪ થી ૨૨ ) દ્વારા ભવ–તન–ભોગ ઇત્યાદિ સમસ્ત સંયોગોનું ક્ષણભંગુરપણું બતાવીને તેમાં રાગ–દ્વેષ છોડવાનું સમજાવ્યું છે. ]

( ૪ ) જે કાંઈ ઉત્પન્ન થયું છે તેનો નિયમથી નાશ થાય છે. પરિણામસ્વરૂપે કંઈ પણ શાશ્વત નથી.

( ૫ ) હે ભવ્ય ! આ જન્મ છે તે તો મરણસહિત છે, યૌવન છે તે વૃદ્ધાવસ્થાસહિત છે, અને લક્ષ્મી પણ વિનાશસહિત છે.–આ રીતે બધી વસ્તુને તું ક્ષણભંગુર જાણ.

( ૬ ) જેમ નવીન મેઘનાં વાદળાં ઉદય પામીને તુરત જ વીખાઈ જાય છે, તે જ પ્રમાણે આ સંસારવિષે પરિવાર, બંધુવર્ગ, પુત્ર, સ્ત્રી, ભલા મિત્રો, શરીરની સુંદરતા, ગૃહ અને ગોધન ઇત્યાદિ સમસ્ત વસ્તુઓ અસ્થિર છે. ( એ સર્વે વસ્તુઓને અસ્થિર જાણીને તેના સંયોગ–વિયોગમાં હર્ષ–વિષાદ કરવો નહિ. )

( ૭ ) આ જગતમાં ઇન્દ્રિયવિષયો છે તે ઇન્દ્રધનુષ તથા વીજળીના ઝબકારા સમાન ચંચળ છે,–પહેલાં દેખાઈને પછી તરત વિલય પામી જાય છે; તેમજ ભલા સેવકો, બંધુવર્ગ, ઉત્તમ ઘોડા હાથી તથા રથ વગેરે પણ એવા જ છે; બધી વસ્તુઓ એ જ પ્રમાણે ક્ષણિક છે, જોતજોતામાં નાશ પામી જાય છે.

( ૮ ) જેમ માર્ગમાં પથિકજનોનો સંયોગ ક્ષણમાત્ર છે તેમ આ સંસારમાં બંધુજનોનો

સંયોગ પણ અધ્રુવ છે.

(૯) દેખો, સ્નાન તથા સુગંધી વસ્તુઓથી, તેમજ અનેક પ્રકારનાં વિવિધ ભક્ષ્યોવડે ઘણું લાલનપાલન કરવા છતાં પણ, આ દેહ તો પાણીથી ભરલા કાચા ઘડાની જેમ ક્ષણમાત્રમાં વીખેરાઈ જાય છે. (–આવા અનિત્ય શરીરમાં આત્મબુદ્ધિ કરવી તે મહા ભૂલ છે.)

(૧૦) અરે, પુણ્યવંત એવા ચક્રવર્તીને પણ જે લક્ષ્મી શાશ્વત નથી રહેતી, તોપછી પુણ્યહીન એવા જનોની સાથે તો તે રાગ કેમ બાંધે ?–ન જ બાંધે.

(૧૧) આ લક્ષ્મી સંપદા કુળવાન, ધૈર્યવાન, પંડિત, સુભટ, પૂજ્ય, ધર્માત્મા, રૂપવાન સજ્જન કે મહાન પરાક્રમી વગેરે કોઈ પુરુષને વિષે રાચતી નથી. (લક્ષ્મી કોઈની રાખી રહેતી નથી, ક્ષણમાં ચાલી જાય છે.)

(૧૨) આ લક્ષ્મી પાણીના તરંગ જેવી ચંચળ છે, તે બે–ત્રણ દિવસ જ રહેનારી છે,–ત્યાં સુધીમાં દયાપ્રધાન થઈને દાનાદિમાં દઈને તેનો ઉપભોગ કરી લ્યો.

(૧૩) જે પુરુષ લક્ષ્મીને માત્ર સંઘર્યા જ કરે છે, પરંતુ નથી તો પાત્રદાનમાં વાપરતો, કે નથી ભોગવતો, તે પોતાના આત્માને ઠગે છે, અને તેનું મનુષ્યપણું નિષ્ફળ છે.

(૧૪) જે મનુષ્ય લક્ષ્મીનો સંચય કરીને તેને પૃથ્વીના ઊંડા ખાડામાં દાટે છે તે મનુષ્ય તે લક્ષ્મીને પત્થર સમાન કરે છે. (પત્થરની જેમ તેની લક્ષ્મી પણ નિરૂપયોગી છે.)

(૧૫) જે પુરુષ લક્ષ્મીનો નિરંતર સંચય કરે છે, નથી તો દાનમાં દેતો કે ભોગવતો પણ નથી, તે પુરુષની પોતાની લક્ષ્મી પણ પારકા પુરુષની લક્ષ્મી સમાન છે. (તે તો તેનો માત્ર રખોપિયા જેવો છો.

(૧૬) જે મનુષ્ય લક્ષ્મીમાં આસક્ત ચિત્તવાળો વર્તતો થકો, પોતે અનેક કષ્ટ સહન કરે છે–તે મૂઢઆત્મા રાજાનું તથા કુટુંબીજનોનું જ કાર્ય સાધે છે. (તેની લક્ષ્મી પોતાને કામ નહિ આવે, પણ રાજસરકાર અથવા તો કુટુંબીજનો તે લઈ લેશે.)

(૧૭–૧૮) જે પુરુષ અનેક પ્રકારની બુદ્ધિવડે લક્ષ્મીને વધાર્યા જ કરે છે, તેમાં સંતોષ પામતો નથી ને તેને માટે શસ્ત્ર–વેપાર–ખેતી વગેરે સર્વ પ્રકારનો આરંભ કરે છે, દિવસ–રાત તેનું જ ચિન્તન કરે છે, વખતસર ભોજન પણ કરતો નથી અને ચિંતામાં લીન થઈને રાત્રે સૂતો પણ નથી, તે પુરુષ લક્ષ્મીરૂપી તરુણીમાં મોહિત થઈને તેનું દાસપણું કરે છે.

(૧૯) પુણ્યોદયથી વૃદ્ધિગત થઈ રહેલી લક્ષ્મીને જે પુરુષ નિરંતર ધર્મકાર્યમાં વાપરે છે તે પુરુષ પંડિતો વડે પ્રશંસનીય છે; અને તેની જ લક્ષ્મી સફળ છે.

(૨૦) એ પ્રમાણે લક્ષ્મીનું અધ્રુવપણું જાણીને જે પુરુષ, લોકમાં ધનરહિત પરંતુ ધર્મસહિત એવા લોકોને બદલાની આશા વગર નિરપેક્ષભાવે દાન કરે છે તેનું જીવન સફળ છે.

(૨૧) ધન યૌવન તથા જીવનને પાણીના પરપોટાની જેમ ક્ષણભંગુર દેખતો હોવા છતાં, અત્યંત બળવાન મોહના પ્રભાવને લીધે જીવ તેને નિત્ય માને છે.

(૨૨) હે ભવ્ય! સમસ્ત વિષયો ક્ષણભંગુર છે–એમ સાંભળીને, તું મહા મોહને છોડીને તારા મનને વિષયરહિત કર, જેથી તું ઉત્તમ સુખને પામીશ.

દ્રવ્યદ્રષ્ટિમાં વસ્તુ સ્થિર, પર્જય અસ્થિર જાણ;
ઉપજત–વિનશત દેખીને, ખેદ–હર્ષ નહિ આણ.

[પહેલી અધ્રુવ–અનુપ્રેક્ષા સમાપ્ત]

(ચાલુ)

લક્ષ્મી–શરીર સુખદુઃખ અથવા શત્રુ–મિત્ર જનો અરે!
જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ–આત્મક જીવ છે.

–શ્રી કુંદકુંદસ્વામી

## ધર્મ

卐 સ્વભાવધર્મની સાધનામાં સર્વે ગુણો સમાય છે.
卐 ધર્મપ્રાપ્તિનો પ્રમોદ એ જ સાચું વાત્સલ્ય.
卐 ધર્મનો ઉગ્ર ઉદ્યમ એ જ સાચું ઉદ્યોતન.
卐 ધર્મપરિણતિનો સ્વસન્મુખ વેગ એ જ સાચો સંવેગ.
卐 ધર્મનું રાગથી ભિન્નપણું એ જ સાચો નિર્વેગ.
卐 ધર્મદ્વારા આત્મગુણોની રક્ષા એ જ સાચી અનુકંપા.
卐 ધર્મમાં આત્માનું સંવેદન એજ પરમ આસ્તિકતા.
卐 ધર્મરૂપ નિર્દોષ પરિણતિ એ જ પરમ નિઃશંકતા.
卐 ધર્મદ્વારા સ્વતત્ત્વમાં પ્રવેશ–એ જ સાચી નિર્ભયતા.
卐 ધર્મદ્વારા આત્મગુણોનો વિકાસ એ જ સાચી પ્રભાવના.
卐 ધર્મદ્વારા સ્વતત્ત્વમાં સ્થિતિ એ જ સ્થિતિકરણ.
卐 ધર્મરૂપ વીતરાગ પરિણતિ એ જ ઉત્તમ ક્ષમા.
卐 હે જીવ! આવા સ્વધર્મને તું ઉત્સાહથી આરાધ.

# વિદ્વાનોનું મુખ્ય કાર્ય એ છે કે -

## આગમના રહસ્યનું ઉદ્‌ઘાટન કરીને સમાજની સામે રાખવું

“विद्वान केवल समाजके मुख नहीं है। वे आगमके रहस्योद्‌घाटनके जिम्मेदार हैं। अत: उन्हें हमारे अमुक वक्तव्यसे समाजमें कैसी प्रतिक्रिया होती है, वह अनुकूल होती है या प्रतिकूल, यह लक्षमें रखना जरुरी नहीं है। यदि उन्हें किसी प्रकारका भय हो भी तो सबसे बडा भय आगमका होना चाहिए। विद्वानोंका प्रमुख कार्य जिनागमकी सेवा है और वह तभी संभव है जब वे समाजके भयसे मुक्त होकर सिद्धांतके रहस्यको उसके सामने रख सकें। कार्य बडा है। इस कालमें इसका उनके ऊपर उत्तरदायित्व है, इसलिए उन्हें यह कार्य सब प्रकारकी मोह-ममताको छोड़कर करना ही चाहिए। समाजका संधारण करना उनका मुख्य कार्य नहीं है, यदि वे दोनों प्रकारके कार्यों का यथास्थान निर्वाह कर सकें तो उत्तम है। पर समाजके संधारणके लिये आगमको गौण करना उत्तम नहीं है। हमें भरोसा है कि विद्वान इस निवेदनको अपने ह्रदयमें स्थान देंगे और ऐसा मार्ग स्वीकार करेंगे जिससे उनके सद्‌प्रयत्नस्वरूप आगमका रहस्य विशदताके साथ प्रकाशमें आवे।” (पंडित जगन्मोहनलालजी शास्त्री, कटनी)

વિદ્વાનોનું મુખ્ય કાર્ય બતાવતું પંડિતજીનું આ કથન ગુરુદેવ ઘણીવાર પ્રવચનમાં યાદ કરે છેઃ “વિદ્વાનો એ માત્ર સમાજની વાત કરવાનું મોઢું જ નથી; તેઓ તો આગમનું રહસ્ય ખોલવા માટે જવાબદાર છે. એટલે, તેમણે એવું લક્ષ રાખવું જરૂરી નથી કે અમારા અમુક કથનથી સમાજમાં કેવી અસર થશે!–અનુકૂળ થશે કે પ્રતિકૂળ? હા, જો તેઓએ કંઈ પણ બીક રાખવા જેવું હોય તો સૌથી મોટો ભય આગમનો હોવો જોઈએ–કે આગમવિરુદ્ધ કંઈ કથન ન થઈ જાય. વિદ્વાનોનું મુખ્યકાર્ય જિનાગમની સેવા છે, અને તે ત્યારે જ બની શકે કે જ્યારે તેઓ સમાજના ભયથી મુક્ત થઈને સિદ્ધાંતનું રહસ્ય તેની સામે રાખી શકે. કામ તો મોટું છે; અને આ કાળમાં તેની જવાબદારી વિદ્વાનો ઉપર છે, માટે તેઓએ બધા પ્રકારની મોહમમતા છોડીને આ કામ કરવું જ જોઈએ. સમાજની દેખભાળ કરવી એ કાંઈ વિદ્વાનોનું મુખ્ય કામ નથી. જો તેઓ બંને પ્રકારના કાર્યોનો યથાસ્થાન નિર્વાહ કરી શકે તો તે ઉત્તમ છે; પણ સમાજની દેખભાળ માટે, કે સમાજના રંજન માટે, આગમને ગૌણ કરવા તે વ્યાજબી નથી. અમને વિશ્વાસ છે કે વિદ્વાનો આ નિવેદનને પોતાના હૃદયમાં સ્થાન દેશે, અને એવો માર્ગ અંગીકાર કરશે કે જેથી તેમના સદ્‌પ્રયત્નના ફળરૂપે આગમનું રહસ્ય વધારે સ્પષ્ટતાથી પ્રસિદ્ધિમાં આવે.”

# ❀ શ્રી અર્જિકામાતાજીની સાથે મહાન લાભ ❀

ભગવાનમહાવીરના અઢીહજાર વર્ષીય-નિર્વાણમહોત્સવના હર્ષોપલક્ષમાં રજુ કરેલ નિબંધ-યોજનામાં ૬૭ ભાઈ-બેનોએ ઉત્સાહથી ભાગ લીધો છે, તેમનાં નામ ધન્યવાદ સાથે આ અંકમાં આપ્યા છે. તેમાં અર્જિકામાતાજી સાથે રહીને તેમની સેવા અને તત્ત્વચર્ચાનો લાભ મુમુક્ષુ બ્હેનો કઈ રીતે લ્યે છે-તે સંબંધી ભાવભીના નિબંધો ૩૮ બહેનોએ લખી મોકલ્યા છે; અને 'મુનિવરોની સાથે' ના સત્સંગના લેખો ૨૯ ભાઈઓએ લખી મોકલ્યા છે; તેમાંથી કોઈ કોઈ નિબંધ અહીં સંશોધનપૂર્વક આપતા રહેશું, તે અનુસાર બે મુમુક્ષુ બહેનોના સંયુક્ત લેખો અહીં આપ્યા છે.

એક વાત ધ્યાનમાં રાખવી કે આ નિબંધો ભાવનારૂપ છે, એટલે કે ભાવનાના બળે આપણે હજારો વર્ષના કાળના અંતરને ઓળંગીને સતી ચંદના-સીતા કે બ્રાહ્મી-સુંદરી-અર્જિકા માતાઓ, કે કુંદકુંદ-ધરસેન વગેરે મુનિભગવંતો જાણે અત્યારે જ વિચરતા હોય ને આપણે તેમનો સીધો સત્સંગ કરતા હોઈએ-એવી કલ્પનાથી આ લેખોનું સંકલન છે; અને તેમાં સંતજનોના સહવાસની ભાવનાથી જ્ઞાન-વૈરાગ્યની પુષ્ટિનો લાભ થાય છે. (-સં.)

ભગવાન મહાવીરના સમવસરણની સાથે વિહાર કરતાં કરતાં ૩૬૦૦૦ આર્યિકાસંઘના શિરોમણી મહાસતી ચંદનામાતાજી એકવાર અમારી નગરીમાં પધાર્યા... ચારેકોર આનંદ આનંદ છવાઈ ગયો. પરમ ધીર-ગંભીર-વૈરાગી એ માતાજીની મુદ્રા અધ્યાત્મતેજથી ચમકી રહી હતી. મહાભાગ્યે આજે માતાજીનું આહારદાન પણ અમારા આંગણે થયું ને અમને ભક્તિનો મહાન લાભ મળ્યો. આહારદાન પછી હું અને મારી મુમુક્ષુસખીઓ માતાજીની સાથેસાથે તેમના સંઘમાં ગઈ. અહા, આવા માતાજીનો સંગ છોડવો કેમ ગમે? એ તો જીવનનો આનંદકારી પ્રસંગ છે. ભોજન પછી બપોરના સમયે અર્જિકા-ચંદનામાતાજી સામાયિક કરતા હતા; તેઓ તો ચૈતન્યનું ધ્યાન કરતા કરતા નિર્વિકલ્પ-સમરસ પીતા હતા. એમની નિર્વિકલ્પ ધ્યાનમુદ્રા અમને બહુ જ ગમતી. ને અમને પણ ચૈતન્યનો અનેરો મહિમા

જગાડતી હતી. દેખાદેખીથી અમે પણ તેમની જેમ ધ્યાન ધરીને સામાયિક કરવા બેસી ગયા. અહા, ચૈતન્યના મહિમાનું ચિંતન કરતાં કોઈ અનેરી શાંતિ જાગતી હતી. વીતરાગતાનું કોઈ અનેરું વાતાવરણ ત્યાં છવાઈ ગયું હતું.




માતાજીએ જ્યારે ધ્યાન પૂરું કર્યું ત્યારે અમે 'નમોસ્તુ–નમોસ્તુ' કહીને માતાજીના ચરણોમાં વંદન કર્યા...અને માતાજીએ અમારા ઉપર અમીદ્રષ્ટિ કરીને અમને ધર્મના આશીર્વાદ આપ્યા. પછી વિનયથી જિજ્ઞાસાપૂર્વક મેં પૂછ્યું: અહો માતાજી! આપના દર્શનથી મહાન આનંદ થાય છે. હે માતા! એ જાણવાની જિજ્ઞાસા થાય છે કે આવું મોંઘું મનુષ્યપણું ને આવો ઉત્તમ જૈનધર્મ પામીને, હવે અમારે અમારા જીવનને સફળ બનાવવા શું કરવું? તે આપ કૃપા કરીને સમજાવો.

અત્યંત પ્રસન્નતાપૂર્વક માતાજીએ કહ્યું: બહેન, સાંભળ! તારી જિજ્ઞાસા સારી છે. આવું મનુષ્યપણું અને આવો જૈનધર્મ પામીને સંસારની ચારેય ગતિનો થાક ઉતારવાનો છે ને મોક્ષસુખને સાધવાનું છે. આત્મા અનાદિકાળથી નિજસ્વરૂપને ભૂલીને ચારેય ગતિના આંટા કરી કરીને દુઃખી થઈ રહ્યો છે, હવે તે ભવભ્રમણના ફેરા ટાળવાનો આ સુઅવસર છે; તો એવું કરવું જોઈએ કે હવે આ ભવભ્રમણના ફેરા અટકે ને આત્માને શાંતિ થાય.

મુમુક્ષુબેનઃ–માતા, આ ભવના ફેરા કેમ મટે?

માતાજીઃ–બહેન, તે માટે પહેલાં આત્માને ઓળખવો જોઈએ.

મુમુક્ષુબેનઃ–હે માતા! આત્માનું સ્વરૂપ કેવું છે? તે સમજાવો.

માતાજીઃ–જો બહેન, દેહથી જુદો આ આત્મા જ્ઞાનસ્વરૂપી છે, તે આંખથી દેખાય તેવો નથી, તે તો જ્ઞાનરૂપી નેત્રથી દેખાય તેવો છે. તે અરૂપી, પોતાના ગુણ–પર્યાયોસહિત, વીતરાગસ્વભાવી, સત્–ચિત્ત–આનંદસ્વરૂપ છે; તેના સ્વભાવમાં પરમાત્મપણું ભર્યું છે.

મુમુક્ષુબેનઃ–હે માતા! શું આ આત્મા અને પરમાત્મા બંને સરખા છે?

માતાજીઃ–હા, બહેન! સ્વભાવથી તો સરખા છે; ને તેને ઓળખીને જો આત્મા પુરુષાર્થ કરે તો તે પોતે જ પરમાત્મા થઈ જાય છે. પરમાત્મપણું કાંઈ બહારથી નથી આવતું.

મુમુક્ષુબેનઃ–માતા, આપણો સ્ત્રીનો આત્મા પણ ભગવાન થઈ શકે?

માતાજીઃ–હા, ભગવાન થયા તેઓ પણ પહેલાં તો આપણી જેમ સંસારી જ હતા; તેઓ આત્મસ્વરૂપ ઓળખીને, તેને સાધીને સિદ્ધ થયા, અને આજે સિદ્ધાલયમાં બિરાજે છે. સ્ત્રીપર્યાયમાં પણ આત્માને ઓળખીને મોક્ષની સાધના શરૂ થઈ શકે છે; ને પછી સ્ત્રીપર્યાય છેદીને તે સાધના પૂર્ણ કરતાં આપણો આત્મા ભગવાન થઈ શકે છે.

મુમુક્ષુબેનઃ–વાહ માતા! કેવી આનંદની વાત છે! ખરેખર આપે આજે અમને ઉત્તમ માર્ગ બતાવીને ઉપકાર કર્યો છે. અમે આત્માની સાધના જલદી કરીએ ને અમારો આ સંસારભ્રમણનો થાક ઊતરી જાય–તે માટે અમને વિશેષ ઉપદેશ આપો!

માતાજીઃ–સાંભળ બેન! આત્માની ઊંડી જિજ્ઞાસાથી ધર્માત્માનો સંગ કરવો જોઈએ; સંસારનો પરિચય જેમ બને તેમ ઓછો કરીને સાધર્મીનો પરિચય વધારવો જોઈએ. જિનમંદિરે જઈને હંમેશાં બહુમાનથી અરિહંત દેવનું સ્વરૂપ વિચારવું. સર્વજ્ઞ–વીતરાગ–દેવનું સ્વરૂપ કેવું છે! તેમના અને મારા સ્વરૂપમાં કયા પ્રકારે સમાનતા છે ને કયા પ્રકારે ફેર છે! તેના વિચારથી આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજી, સમ્યગ્દર્શનનો ઘણો ઊંડો પ્રયત્ન કરવો જોઈએ.

મુમુક્ષુબેનઃ–માતાજી, આવી સ્ત્રીપર્યાયમાં સમ્યગ્દર્શન પામવું અઘરૂં ન પડે?

માતાજીઃ–બેન, આત્માની સાચી લગનીથી પ્રયત્ન કરે તો સ્ત્રીપર્યાયમાં પણ સમ્યગ્દર્શન જરૂર થાય છે. જો ને! વીરપ્રભુના સંઘમાં આ ૩૬૦૦૦ આર્યિકાઓ છે તે બધા સ્ત્રીઓ જ છેને! છતાં આત્માને ઓળખીને તે બધા કેવી મજાની આત્મસાધના કરી રહ્યા છે! સ્ત્રીપર્યાય દેખીને મુંઝાવું નહિ, પણ આત્માની જિજ્ઞાસા વધારવી. સ્ત્રીપર્યાયમાં કેવળજ્ઞાન ન થાય પણ આત્મજ્ઞાન તો થઈ શકે. જુઓ, મહાવીરભગવાનના જીવને સિંહની પર્યાયમાં સમ્યગ્દર્શન થયું; પાર્શ્વનાથભગવાનના જીવે હાથીના ભવમાં સમ્યગ્દર્શન કર્યું; તોપછી આ તો મનુષ્યઅવતાર મળ્યો છે!–માટે તેમાં ઉત્સાહથી વીતરાગી દેવ–ગુરુ–ધર્મની ખરી સેવા કરીને આત્માનું સ્વરૂપ સમજવું ને સમ્યગ્દર્શન પ્રગટ કરીને આત્માને મોક્ષમાર્ગની સાધનામાં જોડી દેવો.

મુમુક્ષુબેનઃ–માતાજી! આપની મીઠી વાણી સાંભળતાં જ આત્મામાં સમ્યગ્દર્શન માટે ઝણઝણાટ થઈ જાય છે,–જાણે હમણાં જ આત્માને અનુભવી લઈએ ને સમ્યગ્દર્શન પામી લઈએ!

માતાજીઃ–અહા, સમ્યગ્દર્શનમાં તો ઘણી–ઘણી ગંભીરતા છે. સમ્યગ્દર્શન થતાં ચૈતન્યસ્વરૂપી આખો આત્મા જેવડો છે તેવડો પૂરેપૂરો જ્ઞાનમાં–શ્રદ્ધામાં આવી જાય છે, તેના અનંત ગુણોનો સ્વાદ અનુભૂતિમાં આવી જાય છે; પછી નિરંતર કોઈ અપૂર્વ શાંતિ વેદાય છે. સમ્યગ્દર્શનમાં વીતરાગતા છે. સમ્યગ્દર્શન થતાં અપૂર્વ હિત અને મોક્ષનો માર્ગ શરૂ થઈ જાય છે. એને માટે વારંવાર જિજ્ઞાસાથી સત્સંગ અને અનુભૂતિનો પ્રયોગ જરૂરી છે. એ જ સંતગુરુઓની શિખામણ છે, એ જ તેમના આશીર્વાદ છે. અને જે એમ કરે તેણે જ દેવ–ગુરુને સાચા સ્વરૂપે ઓળખ્યા કહેવાય, ને તેનું જ મનુષ્યપણું સાર્થક થાય.

મુમુક્ષુબેનઃ–વાહ માતા! સમ્યગ્દર્શનનો મહિમા ખરેખર અદ્ભુત આશ્ચર્યકારી છે. એ જ શીઘ્ર કરવા જેવું છે–પણ તે ન થાય ત્યાંસુધી અમારે શું કરવું?

માતાજીઃ–બેન, તારી જિજ્ઞાસા સારી છે. સમ્યગ્દર્શન વગર તો આત્માના કલ્યાણનો બીજો કોઈ ઉપાય ત્રણકાળ–ત્રણલોકમાં નથી; માટે જ્યાંસુધી સાક્ષાત્ સમ્યગ્દર્શનની અનુભૂતિ ન થાય ત્યાંસુધી આત્માની લગનીથી વધુ ને વધુ રસપૂર્વક નિરંતર તેનો પ્રયત્ન કર્યા જ કરવો. આત્માની સાચી લગની અને સાચી ભાવના કદી નિષ્ફળ જતા નથી, તેનું ઉત્તમફળ આવે જ છે. માટે ઊંડીઊંડી ધગશથી આત્મસ્વભાવની સાચી સમજણનો ને તેની અનુભૂતિનો પ્રયોગ કરવામાં લાગ્યા રહેવું–તે જ સમ્યગ્દર્શનનો સાચો–સરળ ને સુખકર ઉપાય છે. જૈનધર્મ પામીને જેને આત્મસ્વભાવની સાચી રુચિ જાગી છે ને સમ્યગ્દર્શનનો મહિમા જાણીને તેની ઝંખના થઈ છે તેનો પ્રયત્ન કદી નકામો નહિ જાય. ચૈતન્યસ્વભાવની રુચિપૂર્વક તેનું જ્ઞાન અને અનુભૂતિ કરવા માટે જે વારંવાર અભ્યાસ કરે છે તે જીવને ક્ષણેક્ષણે મિથ્યાત્વનો રસ તૂટતો જાય છે ને ચૈતન્યનો રસ વધતો જાય છે, તેની એકક્ષણ પણ નકામી નથી જતી, મોહને તોડવાનું કાર્ય ક્ષણેક્ષણે તેને થયા જ કરે છે. જેને સ્વભાવની હોંશ જાગી, ને જ્ઞાનની ધારા સ્વભાવસન્મુખ ઉપડી તે જીવને અનંતકાળમાં પૂર્વે નહિ થયેલ એવી અપૂર્વ નિર્જરા શરૂ થઈ જાય છે. એવા જીવોને માટે શ્રી પદ્મનંદીમુનિરાજને કહ્યું છે કે –

'ચિત્તમાં ચૈતન્યસ્વરૂપ આત્માની પ્રીતિપૂર્વક જેણે તેની વાર્તા પણ સાંભળી છે તે

ભવ્યજીવ ભવિષ્યમાં ચોક્કસ નિર્વાણને પામે છે.’–માટે આત્માના ઉત્સાહ અને પ્રેમપૂર્વક તેના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવનો પ્રયત્ન કરવો; તેથી જરૂર કલ્યાણ થશે.

(વિશેષ માટે જુઓ પાનું ૩૪)

******

# જૈનમાર્ગ

## (રાત્રિચર્ચામાં ગુરુદેવે કહેલ જૈનમાર્ગનો મહિમા: જેઠમાસ)

જૈનમાર્ગમાં ભગવાન સર્વજ્ઞદેવે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવસ્વરૂપ જેવો આત્મા જોયો છે તેવા આત્માને જાણ્યે જ આત્માનો અનુભવ અને નિર્વિકલ્પ શાંતિ થાય. પણ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવસ્વરૂપ આત્મવસ્તુને જાણ્યા વગર, બીજી રીતે જેઓ માનતા હોય તેમને ન તો આત્મઅનુભવ હોય, ન દ્રવ્યદૃષ્ટિ હોય, કે ન નિર્વિકલ્પ ધ્યાન હોય.

આત્મા એક સ્વતંત્ર ચેતનદ્રવ્ય, અસંખ્યપ્રદેશી તેનું સ્વક્ષેત્ર, તેની પરિણતિ તે તેનો સ્વકાળ, ને અનંત ગુણોસ્વરૂપ તેનો સ્વભાવ–આવા સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવરૂપ આત્મવસ્તુ છે તે જ સત્ છે, ને એવી સત્ વસ્તુને જાણીને તેના ધ્યાનથી જ નિર્વિકલ્પશાંતિ કે દ્રવ્યદૃષ્ટિ થાય છે; સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવમાંથી એક પણ બોલને કાઢી નાંખે કે વિપરીત માને એને જૈનમાર્ગની ખબર નથી. એવા જીવોનો ઉપદેશ તે સાચો ઉપદેશ નથી.

સ્વદ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ, અથવા સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવરૂપ વસ્તુનું અસ્તિત્વ તે મૂળભૂત સત્ છે. સ્વથી અસ્તિપણું ને પરથી નાસ્તિપણું–એવા અનેકાંતસ્વરૂપ જૈનમાર્ગને જાણવાથી જ સાચું જ્ઞાન, સાચી દૃષ્ટિ ને નિર્વિકલ્પઅનુભૂતિ થાય છે. લોકોમાં તો કુગુરુઓ અધ્યાત્મઉપદેશના નામે વિપરીત પ્રરૂપણા કરીને લોકોને છેતરી રહ્યા છે; પણ જૈનમાર્ગ અનુસાર વસ્તુસ્વરૂપ ( સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ )ની પરીક્ષા કરીને જિજ્ઞાસુજીવો સત્–અસત્નો બરાબર વિવેક કરે છે, ને જૈનસિદ્ધાંત અનુસાર આત્માનું યથાર્થ સ્વરૂપ જાણીને તેને સાધે છે.

જો-જો !

# ર ત્ન ફેં કી દે શો ન હિ

એક માણસ દરિયાકિનારે બેઠો હતો.

એના હાથમાં અચાનક એક થેલી આવી. અંધકારમાં થેલીના ગોળ પાંચિકા સાથે તે રમત કરવા લાગ્યો; એક પછી એક પાંચિકો લઈને સમુદ્રમાં ફેંકવા લાગ્યો....ફેંકતા–ફેંકતા છેલ્લો પાંચિકો હાથમાં લઇને જ્યાં ફેંકવા જાય છે ત્યાં તો કોઇ સજ્જન પુરુષે અવાજ કર્યો; સબુર ! સબુર ! ફેંકી દઇશ નહિ...તારા હાથમાં છે તે પત્થર નથી, એ તો ઘણો કિંમતી હીરો છે !

થોડો પ્રકાશ થયો હતો; સજ્જનના વચન ઉપર વિશ્વાસ લાવીને પ્રકાશમાં તે માણસે હાથમાં રહેલ વસ્તુ સામે જોયું તો તે આભો જ બની ગયો....ઝગઝગાટ કરતું મહાન રત્ન તેના હાથમાં હતું. તે વિચારવા લાગ્યો–અરેરે, હું કેવો મૂર્ખો ! આવા રત્નોની તો આખી થેલી ભરી હતી ને મેં અજ્ઞાનપણે મુર્ખાઈથી રમતમાં ને રમતમાં તે બધાય રત્નો દરિયામાં ફેંદી દીધા...અરેરે ! હાથમાં આવેલા અમૂલ્ય નિધાનને અજ્ઞાનથી હું ગુમાવી બેઠો !–આમ તે રૂદન કરવા લાગ્યો.

ત્યારે સજ્જને તેને કહ્યું: ભાઈ તું મુંઝા મા ! તું બધું નથી હારી બેઠો....હજી પણ એક રત્ન તારા હાથમાં છે. તે રત્ન પણ એવું કિંમતી છે કે તું તેની કિંમત સમજીને બરાબર સદુપયોગ કર તો આખી જીંદગી તને સુખસમ્પત્તિ મળી રહેશે આ એક રત્નથી પણ તારું કાર્ય સરી જશે. માટે, જે રત્નો ગયા તેનો અફસોસ છોડીને, હજી જે રત્ન હાથમાં છે તેનો સદુપયોગ કરી લે. ‘જાગ્યા ત્યાંથી સવાર. ’

[ તે માણસે હાથમાં બચેલા એક રત્નનો સદુપયોગ કર્યો ને તે સુખી થયો. )

વીર બંધુઓ ! આ વાત કોની છે–ખબર છે ? બીજા કોઈની નહિ પણ તમારા પોતાના જીવનની જ આ વાત છે.

‘હેં ! ’–જી હા ! સાંભળો –

તમે આ સંસારસમુદ્રના કિનારે બેઠા છો. હજી જ્ઞાનસૂર્ય ઊગ્યો નથી એટલે અંધારું છે.

જેમ તે માણસના હાથમાં રત્નભરેલી થેલી આવી, તેમ તમને આ સંસારમાં ઘણી–ઘણીવાર રત્નચિંતામણિ જેવા મનુષ્યઅવતાર મળ્યા. પણ તે મનુષ્યઅવતારમાં શું કરવા જેવું છે તેના ભાન વિના, બેભાનપણે વિષય–કષાયોની રમતમાં ને રમતમાં તમે મનુષ્યભવરૂપી રત્નને સંસારના દરિયામાં ફેંકી દીધું; એક પછી એક–એમ અનંતા મનુષ્યભવને દરિયામાં ફેંકી દીધા...ને વ્યર્થ ગુમાવ્યા. હજી આ અમૂલ્ય મનુષ્યભવ તમારા હાથમાં છે...

જ્ઞાની–સંતો તમને સાદ પાડીને કહે છે કે સબુર! સબુર! આ મનુષ્યભવને વિષય–કષાયોમાં ફેંકી ન દઈશ. આ મનુષ્યઅવતાર કાંઈ વિષયકષાયો માટે નથી, આ મનુષ્યઅવતાર તો આત્માનું અપૂર્વ કલ્યાણ કરવા માટે ચિંતામણિ–રત્ન સમાન છે... તારું હિત કરવાનો અવસર હજી તારા હાથમાં છે,–જો જે! ફેંકી ન દેતો!

જૈનધર્મના સત્ય દેવ–ગુરુ ઉપર જેને વિશ્વાસ છે અને જેને મુમુક્ષુપણાનો કંઈક પ્રકાશ જાગ્યો છે–એવો જિજ્ઞાસુ જીવ જ્યાં પોતાના જીવનનો (અનંતભવનો) વિચાર કરે છે ત્યાં તે આભો બની જાય છે કે અરે! કેટલા બધા ભવ મેં નકામા ફેંકી દીધા? આવા મનુષ્યઅવતારમાં આવા મજાના દેવ–ગુરુ–ધર્મ મને મળ્યા છે–તે અમૂલ્ય રત્નો છે. મારા હાથમાં આવા રત્નો આવ્યા છે. હજી મનુષ્યભવમાં હિતનો અવસર છે. તો હવે આ અવસરને હું પાપમાં નહીં ગુમાવું. અરેરે, મેં કેવી મુર્ખાઈ કરી કે આટલા બધા ભવો અજ્ઞાનપણે મુર્ખાઈથી મેં રાગ–દ્વેષની રમતમાં નકામા ગુમાવી દીધા!

સંત–જ્ઞાની કહે છેઃ ભાઈ! તું મુંઝા માં! હજી તું બધું નથી હારી બેઠો....હજી પણ જૈનધર્મનું રત્ન તારા હાથમાં છે...તે રત્ન કેવું કિંમતી છે કે, તું તેની કિંમત બરાબર સમજીને સદુપયોગ કર, એટલે કે તેમાં કહ્યા પ્રમાણે ઉત્તમ આચરણવડે જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ સમજ તો આખી જીંદગી ને ભવિષ્યમાં સદાકાળ તને આત્માની અપૂર્વ શાંતિ મળશે. અનંતભવનું સાટું આ એક ભવમાં વળી જશે. તારા હાથમાં રહેલો આ એક ભવ પણ આત્માની સાધના અર્થે વીતાવ તો તારું અપૂર્વ કલ્યાણ થઈ જશે. માટે જે ભવો વીત્યા તેનો અફસોસ છોડીને, હજી ધર્મનો જે અવસર અત્યારે તારા હાથમાં છે તેનો ઉત્તમ સદુપયોગ કરી લે. 'જાગ્યા ત્યાંથી સવાર.'

"દેવ–શાસ્ત્ર–ગુરુ રતન શુભ તીન રતન કરતાર"

એવું રત્ન હાથમાં જ છે...તેનો સદુપયોગ કરીને સુખી થાવ.

યહ માનુષપર્યાય, સુકુલ, સુનિવો જિનવાણી;
ઇહવિધ ગયે ન મિલે, સુમણિ જ્યોં ઉદધિ સમાની.

# * વીરનિર્વાણમહોત્સવમાં વીરબાળકોનો ઉત્સાહ *

અઢીહજાર વીરનિર્વાણમહોત્સવમાં વીર બાળકો તરફથી જે અઢીહજાર પૈસા (પચ્ચીસ રૂપિયા) બાલવિભાગમાં આવેલ છે તેની યાદી–

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૧૩ | વસંતરાય અમીચંદ જૈન | – | ૬૨૨ | મોહનલાલજી જૈન | શહાદરા દિલ્હી |
| ૬૧૪ | સરોજબેન પ્રતાપરાય જૈન | નાગપુર | ૬૨૩ | જુગમંદરદાસજી જૈન | શહાદરા દિલ્હી |
| ૬૧૫ | સુનિલ–સમીર–તુષારકાંત જૈન | કેનેડા | ૬૨૪ | દયાચંદજી જૈન | શહાદરા દિલ્હી |
| ૬૧૬ | હર્ષદરાય મુળચંદ શાહ | કલકત્તા | ૬૨૫ | રાજકુમાર જૈન | શહાદરા દિલ્હી |
| ૬૧૭ | કંકુબેન જૈન | સોનગઢ | ૬૨૬ | સોહનલાલજી જૈન | શહાદરા દિલ્હી |
| ૬૧૮ | વસંત ગોકળદાસ જૈન | મહુવા | ૬૨૭ | કેવળરાવજી જૈન | શહાદરા દિલ્હી |
| ૬૧૯ | સોનલબેન અનંતરાય જૈન | જલગાંવ | ૬૨૮ | ચંદુલાલ જૈન | શહાદરા દિલ્હી |
| ૬૨૦ | ભરતચંદ જૈન | શહાદરા દિલ્હી | ૬૨૯ | વિપુલ પ્રકાશચંદ્ર જૈન | દિલ્હી |
| ૬૨૧ | અત્તરસેનજી જૈન | શહાદરા દિલ્હી | | | |

## (આત્મધર્મ–પ્રચાર ખાતે આવેલ રકમો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૧/– | ખીમચંદ છોટાલાલ જોબાલીયા | સોનગઢ | ૨૧/– | મરઘાબેન મણિલાલ શાહ | સોનગઢ |
| ૨૦/– | ધનજીભાઈ લહેરચંદજૈન | વિંછીયા | ૧૧/– | મહાલક્ષ્મીબેન જૈન | અમદાવાદ |
| ૧૧/– | કાંતાબેન દવે | સોનગઢ | ૧૧/– | છબલબેન ગાંધી | સોનગઢ |

[ તા. ૫–૭–૭૫ સુધી ]

## આત્મધર્મ ગતાંક નં. ૩૮૦ માં નીચે મુજબ સુધારશો–

* (પાનું ૧૮ લાઈન ૧૨) : 'આંખથી હું જ દેખું છું'–તેને બદલે 'આંખથી જ હું દેખું છું'–(એમ અજ્ઞાની ભ્રાન્તિ કરે છે.)

* (પાનું ૩૧ લાઈન ૧૪) : 'સર્વથા અનેકાન્તવાદનો આશ્રય લેવાને કારણે'–તેને બદલે 'સર્વથા એકાન્તવાદનો.......... '

## સિ દ્ધા ન્ત

આ એક સિદ્ધાંત છે કે સ્વભાવને સાધનારા પરિણામ સ્વભાવરૂપ હોય, વિભાવરૂપ ન હોય. વિરુદ્ધ જાતના ભાવોમાં સાધક–સાધ્યપણું હોય નહિ. મોક્ષમાર્ગ આત્માના સ્વભાવ–આશ્રિત છે, રાગને આશ્રિત નથી. આત્માનો સાધક, આત્મારૂપ થઈને આત્માને સાધે છે, રાગરૂપ થઈને આત્મા નથી સધાતો.

## શ્રી અર્જિકા-માતાજીની સાથે મહાન લાભ ( પાનું ૩૦ થી ચાલુ )

પૂ. અર્જિકા–માતાજીની આ વાત સાંભળીને બધી મુમુક્ષુબહેનોને ઘણી જ પ્રસન્નતા થઈ. ત્યારપછી ચંદના માતાજી સાથેના બીજા અર્જિકામાતાએ પણ ગંભીરતાથી કહ્યું–બહેનો, માતાજીએ આત્માની ઘણી મજાની વાત સમજાવી છે; આવો સુઅવસર ક્યારેક જ આવે છે, માટે તમે ઊંડો અભ્યાસ કરજો. દેહબુદ્ધિથી રાગમાં સુખ માનીને અનાદિકાળથી વિભાવનો જ અભ્યાસ કર્યો છે તેથી જીવ સમકિત ન પામ્યો ને દુઃખી જ થયો. પણ હવે મહાભાગ્યથી આવું મહાવીર–શાસન પામીને, દેહથી ભિન્ન ને રાગાદિથી પણ વિલક્ષણ એવા પરમ ચૈતન્યલક્ષણસ્વરૂપ આત્માને અનુભવમાં લેજો; આત્માને અનુભવમાં લેવા માટે ગંભીર થઈને વારંવાર ઊંડે–ઊંડે તેના સ્વભાવનો અભ્યાસ કરજો, તેનો અપાર મહિમા ઓળખજો. તો અલ્પકાળમાં જ તમે સમકિત પામશો. અપૂર્વ સુખ પામશો, ને આ ભવદુઃખ થી છૂટશો.

માતાજી કહે છે–બહેનો ! સારા કામમાં ઢીલ ન હોય, તેમ ધર્મના કામમાં ઢીલ ન કરશો; આત્મહિતને સાધવામાં વાયદા ન કરશો. કાલે કરીશ, પછી કરીશ–એવો પ્રમાદ નકામો છે. ઘણા જીવો એમ વિચારે છે કે વૃદ્ધ થાશું ત્યારે ધર્મ કરીશું,–પણ રે જીવ ! તું વૃદ્ધ થઈશ જ–એ ક્યાં ખબર છે ? વૃદ્ધાવસ્થા પહેલાં આયુ પૂરું નહિ થઈ જાય–તેની શી ખાતરી ? અને, અત્યારે આત્માની દરકાર નથી કરતો તો વૃદ્ધાવસ્થામાં તો શું કરીશ ? –બેન, જીવનની ક્ષણભંગુરતા જાણીને આત્માની ઓળખાણનું કામ સૌથી પહેલાં કરી લેવા જેવું છે. આ ક્ષણભંગુર દેહનો ભરોસો કરવા જેવો નથી. સંયોગ પલટતાં વાર નથી લાગતી. અરે, ખારા સમુદ્ર જેવો આ સંસાર, તેમાં જૈનધર્મનું મીઠું અમૃત મળ્યું છે. જ્ઞાનીઓએ તો ઝેરસમાન સંસારને છોડીને ચૈતન્યનું અમૃત સાધી લીધું; અરિહંત જેવા પોતાના આત્માને ઓળખી લીધો.

એક નાની બહેને સૂક્ષ્મ તત્ત્વજિજ્ઞાસાથી પૂછ્યુંઃ હે માતા! અરિહંતદેવની ઓળખાણથી આત્માની ઓળખાણ થવાનું કહ્યું છે; અમે અરિહંતને તો ઘણા વખતથી પૂજીએ છીએ; તેમના પરમાર્થસ્વરૂપની એવી ઓળખાણ કરાવો કે જેથી અમે આત્માને ઓળખીને સમ્યક્ત્વ પામીએ !

પૂ. માતાજીએ કહ્યુંઃ બેટી, ધન્ય છે તારી જિજ્ઞાસાને ! નાની ઉમરમાં પણ આત્મા સમજવાનો આવો પ્રેમ જાગવો તે અપૂર્વ હિતનું કારણ છે. સાંભળ, અરિહંતદેવના આત્મા સર્વજ્ઞ છે, રાગવગરના છે; દેહ તે કાંઈ અરિહંત નથી, વાણી કે સમવસરણ તે પણ અરિહંત

નથી; અરિહંત તે આત્મા છે, તેમનું દ્રવ્ય ચૈતન્યમય છે, તેમના ગુણો ચૈતન્યમય છે, ને તેમની પર્યાયો પણ શુદ્ધ ચૈતન્યમય છે,–તેમાં ક્યાંય રાગ નથી. આવા શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ અરિહંતના આત્મા છે; તેને ઓળખતાં પોતાના આત્માનું પરમાર્થસ્વરૂપ પણ તેવું જ ઓળખીને, આત્મા જ્યાં અંતર્મુખ થાય છે ત્યાં દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદના વિકલ્પોને પણ ઓળંગી જઈને તે જીવ નિર્વિકલ્પ અનુભૂતિરૂપ સમ્યગ્દર્શન પામે છે. –આ એક અપૂર્વદશા છે.

અહા, સર્વજ્ઞ–અરિહંત! એમના મહિમાની શી વાત! એમને ઓળખે ત્યારે જ સાચું જૈનત્વ શરૂ થાય છે.

મુમુક્ષુબહેનોએ અત્યંત પ્રસન્નતાથી કહ્યું–વાહ રે વાહ માતા! આજનો પ્રસંગ અમારા માટે સોનેરી પ્રસંગ છે. આજના આપના સત્સંગથી અમને સમ્યક્ત્વની એવી અપૂર્વ પ્રેરણા મળી છે કે હવે અલ્પકાળમાં જ અમે આપના આશીર્વાદથી આત્માને ઓળખશું ને સમ્યક્ત્વ પામશું.

માતાજીએ આશીર્વાદપૂર્વક કહ્યું: હા, બહેન! એ જ કરવા જેવું છે. પુણ્યવડે લાખો–કરોડો રૂપિયાનો લાભ થાય તેના કરતાંય ચૈતન્યનો લાભ મળવો તે તો અમૂલ્ય છે; પૈસાથી કે પુણ્યથી તેની પ્રાપ્તિ થાય તેવી નથી, પુણ્ય અને પૈસા બંનેથી પાર અંતરની ચૈતન્યવસ્તુના ઉલ્લાસપૂર્વક તેની પ્રાપ્તિ થાય છે; ને એકવાર આવી વસ્તુનો પોતામાં અનુભવ થયો ત્યાં પોતામાં આત્માનો એવો અચિંત્ય નિજવૈભવ દેખ્યો કે જેની પાસે આખા સંસારના વૈભવની કાંઈ જ કિંમત નથી. પોતાનો આવો વૈભવ પ્રાપ્ત કરીને જ્ઞાનીઓ બીજાને દેખાડે છે કે અરે જીવો! તમે પણ તમારા આત્માના આવા અદ્ભુત વૈભવને તમારામાં દેખો....દેખો. ચેતો રે ચેતો! આવો અવસર ફરી મળવો બહુ દુર્લભ છે.

–આ શરીર તો માટીનું ક્ષણભંગુર પૂતળું છે. શણગારવાથી ઉપરથી તે સારું લાગે છે, અંદર તો એકલી અશુચી ભરી છે; ને તેમાંય વૃદ્ધ થાય ત્યારે તો તેને શણગાર પણ નથી શોભતા. જીવનો સાચો શણગાર તો સમ્યગ્દર્શન–રત્ન છે. જે આત્માની સાચી જિજ્ઞાસા કરશે તે જરૂર સમ્યગ્દર્શન પામી શકશે. અત્યારે જ તેનો અવસર છે. જો અત્યારે દરકાર ન કરી તોપછી જ્યારે બૂઢાપો આવી જશે ત્યારે તો ઇન્દ્રિયો શિથિલ થઈ જશે, આંખ પણ કામ નહિ કરે, કાને સંભળાશે નહિ, જિનમંદિરે જવામાંયે મુશ્કેલી પડશે, ઘરમાં તારું કોઈ માનશે નહિ, તારું ઘડપણ બધાને બોજારૂપ લાગશે, અનેક રોગ અને તકલીફથી શરીર ઘેરાઈ ગયું હશે–ત્યારે કઈ રીતે આત્મહિતમાં જાગૃત રહીશ?–એમ

વૈરાગ્ય–પરિસ્થિતિનો વિચાર કરીને અત્યારે જ સાવધાન થા, ને બધેયથી મારાપણું હઠાવી શીઘ્ર તારા સ્વઘરમાં આવ...ને તારા અનંતગુણના નિજપરિવારને દેખ.

જીવે અનાદિથી પોતાને શરીરવાળો જ માન્યો છે; શરીર વગરના આત્માનું સાચું સ્વરૂપ કેવું છે?–એનો તેણે કદી વિચાર પણ નથી કર્યો; દેહના ભરોસે અનંતવાર જીવન વ્યર્થ ગુમાવ્યા છે. અરે, દેહ તો માટીનું પૂતળું...રોગનું ઘર, ને જીવન તો વીજળીના ઝબકારા જેવું ક્ષણભંગુર! તેમાં સર્વોત્કૃષ્ટ સાચા દેવ–ગુરુ–ધર્મનો સંગ મળ્યો, તો તેમણે બતાવેલા આત્માને ઓળખીને શીઘ્ર કલ્યાણ કરી લેવું યોગ્ય છે. આત્માને ઓળખીને પણ સંયમી જીવન જીવવું તે ઉત્તમ છે. માટે, માતા ચંદના કહે છે કે–હે મુમુક્ષુબહેન! અંતરમાં ઊંડેઊંડે...જ્યાં શાંતિનું વેદન ભરેલું છે ત્યાં ઊતરીને...ચૈતન્યસ્વરૂપનું સંવેદન કરી લેજો...તેમાં તમને કોઈ અનેરા આનંદનો અનુભવ થશે.

બધી મુમુક્ષુબહેનો અત્યંત ભક્તિના ઉલ્લાસથી એકસાથે બોલી ઊઠી–વાહ માતાજી! ચૈતન્યતત્ત્વ બતાવીને આપે પરમ ઉપકાર કર્યો...અમે ઘણા વખતથી જે શોધતા હતા ને જીવનમાં જેને માટે ઝંખતા હતા, તે આનંદમય ચૈતન્યતત્ત્વ આજે આપે અમને બતાવ્યું; અમારો અપાર ચૈતન્યખજાનો બતાવીને તે કેવી સાધવો–તે સમજાવીને આપે ખરેખર અમારું કલ્યાણ કર્યું. અહો, કલ્યાણીમાતા! આપના ઉપકારનો બદલો કઈ રીતે વાળીએ!

માતા! આવું સુંદર ચૈતન્યતત્ત્વ સાંભળીને મારું મન સંસારથી વિરક્ત થયું છે; ચૈતન્યની અનુભૂતિ સિવાય આ સંસારમાં હવે ક્યાંય ક્ષણમાત્ર ચેન પડતું નથી; બધું અસાર–અસાર લાગે છે. પાંચે ઈન્દ્રિયોના વિષયો નીરસ લાગે છે; તે ઈંદ્રિયોને વશ થવાને બદલે હવે ચૈતન્યરસવડે તેમને જીતી લઈશ ને અતીન્દ્રિયભાવથી સમ્યગ્દર્શન પામીશ. હે માતા! હવે એકક્ષણ પણ આ સંસારના પરભાવમાં રહેવું પાલવતું નથી; મને આપની સાથે જ રાખો–જેથી હું આત્માને સમજી અર્જિકા થઈને મારું કલ્યાણ કરું, અને આપની સાથે જ રહીને આપની સેવા કરીને મારું આ જીવન ધન્ય બનાવું; અને અલ્પકાળે આ ભવદુઃખથી છૂટીને સિદ્ધપદને પામું. અહા, આપના જેવી માતાનો સાથ મને મળ્યો–હવે હું દુઃખમાં કે અજ્ઞાનમાં કેમ રહું? ધર્મમાતાના ખોળામાં મુમુક્ષુ–બાળકને શી ચિન્તા! હે મોક્ષસાધક માતા! તમારા શરણે આવતાં હું તો જાણે મોક્ષમાર્ગમાં જ આવી ગઈ છું...હવે આપની સાથે ને સાથે મોક્ષના માર્ગે ચાલી આવીશ ને સિદ્ધપદને પ્રાપ્ત કરીશ.

અમારા આત્માનો આવો ઉલ્લાસ દેખીને માતાજીએ ઘણા વાત્સલ્યથી અમારા માથે

હાથ મૂકીને આશીર્વાદ આપ્યા...માતાજીના સ્પર્શે અમારો આત્મા ચૈતન્યભાવથી ઝણઝણી ઊઠયો.

* * *

[ અમૃત જેવી મીઠી વાણી વડે ઉપદેશ આપીને, તથા મંગલ આશીર્વાદ આપીને ચંદના–માતાજીએ મારા આત્માને કલ્યાણની અપૂર્વ પ્રેરણા આપી; ને બીજા દિવસે તેમનો સંઘ વિહાર કરી ગયો....પછી શું બન્યું ? તે સાંભળો ]

અર્જિકામાતાજીના સંગથી મારો આત્મા જાગી ગયો ને અનેરા ઉમંગથી અધ્યાત્મરસથી ભીંજાઈ ગયો. સંસારથી વિરક્ત થયેલા મારા ચિત્તને હવે ક્યાંય ચેન પડતું નથી, એ તો બસ, એક ચૈતન્યને જ ઝંખે છે, ને તે માટે અર્જિકામાતાના સંગમાં જ રહેવા ચાહે છે. માતાજી તો એક જ દિવસના સંગમાં મને જગાડીને આત્માની અપૂર્વ પ્રેરણા આપી ગયા...ને બીજે વિહાર કરી ગયા.

બીજે દિવસે જ્યારે હું જિનમંદિરે ગઈ ને શાસ્ત્રસ્વાધ્યાય કરતી હતી ત્યારે પણ મારા હૃદયમાં અર્જિકા માતાજીએ રેડેલા અનુભૂતિના તરંગો જ ઘોળાતા હતા...હું અનુભૂતિના ઊંડા ઊંડા મથનમાં ઊતરતી જતી હતી. એવામાં મારી ધર્મસખી આવી પહોંચી, ને મને જોતાંવેંત કહ્યું–દીદી! આજ તું કોઈ ગંભીર વૈરાગ્યથી ઊંડા વિચારમાં લાગે છે, તારા મુખ પર આજ કોઈ અનેરી પ્રસન્નતાની ઝલક દેખાય છે. તો જરૂર કોઈ આનંદકારી પ્રસંગ બન્યો છે.–શું બન્યું છે! તે કહે.

મુમુક્ષુબેનઃ–સખી, તારી વાત સાચી છે. કાલે સંઘમાં પરમ વૈરાગી અર્જિકા માતાજીનો સત્સંગ થયો; માતાજીની ઊંડી અનુભૂતિની ગંભીર છાયા તેમની મુદ્રા ઉપર પણ ઝળકી રહી હતી. માતાજીએ મહાન કૃપા કરીને મને અનુભૂતિના રહસ્યો સમજાવ્યા. બસ, ત્યારથી અનુભૂતિ સિવાય બીજે ક્યાંય મને ચેન પડતું નથી.

સખીઃ–વાહ બહેન! તારી વાત સાંભળીને મને પણ અપાર આનંદ થાય છે. બેન, અનુભૂતિના ઉદ્યમમાં હું પણ તારી સાથે જ છું. માતાજી સાથે શું ચર્ચા થઈ! તે મને કહે.

સાંભળ બેન! માતાજીના સંગમાં તો અપૂર્વ લાભ મળ્યો; માતાજીને આહારદાન દીધું, માતાજીની પરમ શાંત ધ્યાનદશા દેખી...અહા! શી નિર્વિકલ્પ મુદ્રા!–એ તો ચૈતન્યની સ્ફુરણા જગાડતી હતી. પછી માતાજીએ આશીર્વાદ આપ્યા, ને મનુષ્યઅવતારની સાર્થકતા કેમ કરવી તે બતાવ્યું; આત્માનો અનેરો મહિમા સમજાવીને સમ્યગ્દર્શનની રીત

બતાવી, તેને માટે ઊંડો-ઊંડો ગંભીર પ્રયત્ન કરવાની માતાજીએ એવી પ્રેરણા આપી કે બસ! હવે આત્મા તે કાર્ય સાધવા માટે મરણિયો બન્યો છે...એના વગર હવે એક ક્ષણ પણ ચેન પડતું નથી.

સખીઃ બહેન! માતાજીએ ચૈતન્યને કેવી રીતે સાધવાનું બતાવ્યું?

મુમુક્ષુઃ સાંભળ બેન! જેમાં શાંતિ ભરી છે એવા પોતાના આત્માને જોવા માટે વારંવાર ઉત્સુકતા કરવાનું માતાજીએ કહ્યું; પોતાના ગુણ-પર્યાયસંપન્ન આત્મા કેવો છે? રાગ વગરનો તેનો જ્ઞાનસ્વભાવ કેવો છે?-એને લક્ષગત કરીને અનુભવનો પ્રયોગ કરવો જોઈએ. આત્મામાં પરમાત્મા થવાની તાકાત ભરી છે અને સ્ત્રીપર્યાયમાં પણ તે પરમાત્મપદની સાધનાનો પ્રારંભ થઈ શકે છે. તે માટે આત્માની ઊંડી જિજ્ઞાસાથી ધર્માત્માઓનો સંગ કરવો જોઈએ; અરિહંતદેવનો આત્મા રાગ વગરનો ચૈતન્યભાવમય કેવો છે? ને તેવું જ સ્વરૂપ પોતામાં કઈ રીતે છે? તે બરાબર ઓળખતાં જીવને જરૂર સમ્યગ્દર્શન થાય છે. વીરપ્રભુના શાસનમાં હજારો-લાખો સ્ત્રીઓ પણ આવું સમ્યગ્દર્શન પામી છે, ને અર્જિકા પણ થઈ છે. -એવા માતાજીનું આદર્શજીવન દેખીને આપણે પણ આત્માની લગની લગાડીને, આત્માને મોક્ષમાર્ગમાં જોડી દેવો. બેન, સમ્યગ્દર્શનમાં ઘણી ગંભીરતા, ને અપૂર્વ શાંતિ છે-તેનો મહિમા લાવીને, ઊંડી-ઊંડી ધગશથી સ્વાનુભૂતિના પ્રયોગમાં લાગ્યા રહેવું-એ જ સમ્યગ્દર્શનનો સાચો-સરળ ને સુખકર ઉપાય છે.

-આમ બતાવીને અંતમાં માતાજીએ કહ્યું કે-સાચી લગનીથી ને શાંતિની ઝંખનાથી આપણે તેનો પ્રયત્ન કરીએ તે કદી નકામો જતો નથી, તેનું ઉત્તમ ફળ જરૂર આવે જ છે. અનુભૂતિનો પ્રયોગ કરતાં કરતાં ક્ષણેક્ષણે મિથ્યાત્વનો રસ તૂટતો જાય છે ને ચૈતન્યનો રસ વધતો જાય છે.-એ જ ધારાથી આગળ વધતાં-વધતાં જ્ઞાનધારા સ્વસન્મુખ થઈને મોહને તોડી નાંખે છે ને અપૂર્વ સમ્યક્ત્વ પ્રગટ કરે છે. અહા બેન! પરમવાત્સલ્યપૂર્વક આ બધું સમજાવીને માતાજીએ તો જાણે સાક્ષાત્ સમ્યગ્દર્શન જ આપ્યું!-એવો અપાર હર્ષોલ્લાસ થાય છે.

'વાહ બેન! તારી પાસેથી આ બધું સાંભળીને મને પણ ઘણો જ હર્ષ થાય છે; મારુ ચિત્ત પણ ચૈતન્યપ્રત્યે ઉલ્લસે છે, ને જાણે માતાજી અત્યારે ફરીને મારા મસ્તક પર હાથ મૂકીને આશીર્વાદ આપતા હોય એવી ઊર્મિ જાગે છે. બેન, હવે તો શૂરવીર થઈને

આપણે માતાજીની સાથે અરિહંતોના માર્ગમાં દાખલ થઈ જવાનું છે. મુનિદશાનો કે કેવળજ્ઞાનનો તો અવસર આપણને આ ભવમાં નથી પણ સમ્યગ્દર્શન માટેનો તો અવસર આપણને મળ્યો છે, તો સમ્યગ્દર્શન વડે જીવન કૃતાર્થ કરી લઈએ... આત્મઅનુભૂતિ કરીને માતાજીના ઉપકારને આજે જ સફળ કરીએ.

–આ પ્રમાણે બંને સાધર્મી–સખીઓ આત્માની સાધનામાં એકબીજાને પ્રોત્સાહન આપતી જાય છે ને આગળ વધતી જાય છે. ચૈતન્યસ્વરૂપની મહાનતાને જ્ઞાનમાં લેવા માંગે છે, વચ્ચે વિકલ્પો રહે તેમાં તેમને અશાંતિ લાગે છે એટલે જ્ઞાનને તેનાથી છૂટું પાડતી જાય છે. ક્યારેક ચૈતન્યની ઝાંખી–ઝાંખી શાંતિ દેખાય છે. પણ તેમાં તે સંતોષ માનતી નથી, આનંદના સાક્ષાત્ અનુભવ માટે આગળ ને આગળ વધ્યે જાય છે; અનુભૂતિ થવામાં થોડી વાર લાગી તેથી નિરાશ નથી થઈ જતી, પણ ઉત્સાહ વધારતી જાય છે ને નિઃશંકતા રાખે છે કે આ જ માર્ગે હું પુરુષાર્થ વધારે કરીશ એટલે મને હવે નીકટમાં જ જરૂર આત્મપ્રાપ્તિ થશે; હવે હું આત્માને લીધા વગર પાછી ફરવાની નથી કે વચ્ચે ક્યાંય અટકવાની નથી. આમ ધીરજથી અંતરમાં અત્યંત સૂક્ષ્મપણે જ્ઞાન અને કષાયોના સ્વાદને જુદા કરતી જાય છે.

–એમ કરતાં કરતાં એક ધન્ય દિવસે બંને સખીઓ પરમ ગંભીરતાથી ઊંડા આત્મમહિમાપૂર્વક અનુભૂતિના ઉદ્યમમાં ડુબી ગઈ...ને પરમ શાંતિથી ચૈતન્યરસને કષાયોથી છૂટો પાડીને તેનો સ્વાદ લેવા લાગી. (સમાપ્ત)

## ❁ મરણને જીતવાનો અમોઘ મંત્ર ❁

જીવોને સૌથી વધુ બિહામણું લાગતું હોય તો તે છે 'મરણ'. તેનાથી બચવા માટે જગતનો બીજો કોઈ ઉપાય કામ આવે તેમ નથી, એક માત્ર સહેલામાં સહેલો મંત્ર જૈન સંતોએ આપ્યો છે–તે જ મરણથી બચાવનાર છે. શું છે તે મંત્ર ?–સાંભળો !

આત્મા હું છું...શરીર હું નથી; હું–આત્મા ચેતનભાવથી જ જીવનારો છું. એટલે શરીર ન હોય ત્યારે પણ મારા ચેતનભાવથી હું જીવતો જ છું. ચેતનભાવથી જોતાં મારું કદી મરણ છે જ નહિ. બસ ! આ રીતે આત્માને ચેતનભાવે ઓળખતાં જીવનું કદી મરણ થતું નથી, તે અમરપદને પામે છે, તેનો મૃત્યુભય મટી જાય છે.–આ છે મરણથી બચવાનો અમોઘ મંત્ર.

❀ પોતાના સમસ્ત ગુણ–પર્યાયોને પોતામાં જ સમાવીને ❀

# એકત્વભાવનામાં ઝૂલતો શુદ્ધઆત્મા પ્રશંસનીય છે

**જ્ઞાનચેતના–લક્ષણ દ્વારા જેણે પોતાના આત્માને સમસ્ત પરદ્રવ્યોથી અત્યંત જુદો જાણ્યો છે, અને પરના સંબંધ વગરના પોતાના જે શુદ્ધ ગુણ–પર્યાયરૂપ વિશેષો, તેને પોતાનામાં જ સમાવીને જેણે એકત્વ પ્રાપ્ત કર્યું છે, તે એકત્વભાવનામાં ઝુલતો શુદ્ધોપયોગી આત્મા ધન્ય છે–પ્રશંસનીય છે. એ વાત આચાર્ય કુંદકુંદપ્રભુએ પ્રવચનસારની ૧૨૬ મી ગાથામાં બતાવી છે. પૂ. ગુરુદેવ સોનગઢ પધારતાંવેંત જેઠ સુદ સાતમથી આવા એકત્વસ્વરૂપ સુંદર આત્માનું શ્રવણ કરતાં મુમુક્ષુઓ અનેરી શાંતિ અનુભવતા હતા.**

આત્માનું પરદ્રવ્યથી ભિન્નપણું ને જ્ઞાનસ્વરૂપથી તન્મયપણું નક્કી કરતાં સ્વજ્ઞેય–સ્વરૂપ શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિ થાય છે, તે અભિનન્દનીય છે,–એમ ૧૨૬ મી ગાથામાં કહ્યું છે.

શુદ્ધઆત્માની ઉપલબ્ધિ કોને થાય છે? અથવા સ્વજ્ઞેયરૂપ કેવા આત્માને જાણવાથી શુદ્ધઆત્માની પ્રાપ્તિ થાય છે–તે વાત આ ૧૨૬ મી ગાથામાં આચાર્યદેવે અલૌકિક રીતે સમજાવી છે.

“ જે પુરુષ એ રીતે કર્તા–કર્મ–કરણ અને કર્મફળ આત્મા એકલો જ છે એમ નિશ્ચય કરીને ખરેખર પરદ્રવ્યરૂપે પરિણમતો નથી તે જ પુરુષ, પરદ્રવ્ય સાથે સંપર્ક જેને અટકી ગયો છે અને દ્રવ્યની અંદર પર્યાયો જેને પ્રલીન થયા છે એવા શુદ્ધઆત્માને ઉપલબ્ધ કરે છે.” ( ગાથા ૧૨૬ ટીકા )

જ્યાં શુદ્ધદ્રવ્યનું જ નિરૂપણ હોય, એટલે કે એકલા પોતાના આત્માને જ સ્વજ્ઞેયપણે જોવામાં આવે, ત્યાં તે શુદ્ધદ્રવ્યમાં પરદ્રવ્યના સંપર્કનો અભાવ છે અને પર્યાયો દ્રવ્યની અંદર પ્રલીન થઈ ગયા છે તેથી આત્મા શુદ્ધપણે અનુભવમાં આવે છે. –અને તે પ્રશંસનીય છે.

જ્ઞાનપર્યાયને અંતરમાં લીન કરીને જ્ઞાનસ્વરૂપ પોતાના આત્માને સ્વજ્ઞેય બનાવ્યો, ત્યાં સ્વજ્ઞેયના એકત્વમાં કર્તા–કર્મ–કરણ અને તેનું ફળ એ બધુંય અભેદપણે સમાઈ

જાય છે, ભેદથી તે ખંડિત થતો નથી; તે જીવને અભેદ આત્માની અનુભૂતિ થઈ–મોહની સેનાને નષ્ટ કરનારો શુદ્ધનય, તેણે આત્માને પરદ્રવ્યોથી અત્યંત વિવિક્ત કર્યો છે અને પોતાના સમસ્ત જ્ઞાનાદિ વિશેષોને સામાન્યમાં લીન કર્યા છે.–આવા શુદ્ધનયવડે જેણે પોતાના શુદ્ધઆત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યું છે–અનુભવમાં લીધું છે, તે આત્મા પોતાના સહજ ચૈતન્યપ્રકાશવડે પ્રકાશમાન રહેતો થકો મુક્ત થાય છે; તેથી તે અભિનંદનીય છે.

આવા સ્વજ્ઞેયને જાણીને વારંવાર તેની અનુભૂતિમાં રહેવું તે જ્ઞેયોને જાણવાનું ફળ છે. સ્વ–પરજ્ઞેયોને જાણીને સ્વજ્ઞેયની અનુભૂતિમાં જે પ્રશમરસનું પાન કરે છે તે જીવ પ્રશંસનીય છે.

જ્ઞાયકભાવરૂપ પોતાનો આત્મા તે સ્વતત્ત્વ છે; ને અન્ય જીવ–અજીવ સમસ્ત પદાર્થો પરજ્ઞેયો છે. આવા સ્વ–પર સમસ્ત પદાર્થો પોતપોતાના કર્તા છે, અન્ય કોઈ તેનો કર્તા નથી. સર્વજ્ઞ ભગવાને કેવળજ્ઞાનવડે સ્વ–પર જ્ઞેયોનું જેવું સ્વરૂપ સાક્ષાત્ જોયું તેવું દિવ્યધ્વનિરૂપ પ્રવચનમાં કહ્યું, ને તેનો સાર આ 'પ્રવચનસાર'માં આચાર્યદેવે સંઘર્યો છે. તેમાં આચાર્યદેવ કહે છે કે ચૈતન્યરૂપ ગુણ–પર્યાયોને ચેતનદ્રવ્યમાં જ અંતર્લીન કરીને કેવળ આત્માને જાણતાં નિષ્ક્રિય (વિકલ્પરહિત) ચૈતન્યમાત્ર ભાવ પ્રાપ્ત થાય છે એટલે કે મોહનો નાશ થઈને સમ્યગ્દર્શન થાય છે. (પ્ર. ગા. ૮૦ ટીકા)

ચેતનની સર્વ વ્યક્તિઓ ચૈતન્યસામાન્યમાં અંતર્લીન–અભેદ છે, તેથી અનુભૂતિસ્વરૂપ આત્માને 'અવ્યક્ત' કહેવામાં આવે છે. (સ. ગા. ૪૯ ટીકા) તેમ અહીં કહે છે કે આત્માને પરદ્રવ્ય સાથે જ્યાં સંપર્ક છૂટી ગયો ત્યાં અશુદ્ધતા ન રહી, શુદ્ધ પરિણમન થતાં પર્યાયો દ્રવ્યની અંદર પ્રલીન થઈ ગઈ, એટલે શુદ્ધઆત્માની જ અનુભૂતિ રહી; તે અનુભૂતિમાં વીતરાગી પ્રશમરસનું ઝરણું ઝરે છે. આવા પ્રશમની પ્રાપ્તિ તે જ જ્ઞેયતત્ત્વોને જાણવાનું ફળ છે.

હે જીવ! તું તારા સ્વાધીન સ્વભાવને તો ઓળખ. ચેતનભાવના કાર્યરૂપ થવાનું ને તેના ફળરૂપ–સુખરૂપ થવાનું સામર્થ્ય તારામાં જ છે, તારો આત્મા જ પોતાના ભાવથી તે–રૂપે પરિણમે છે. અજ્ઞાનદશા વખતે તેના ફળમાં દુઃખરૂપે પણ આત્મા પોતે એકલો જ પોતામાં પરિણમતો હતો, તે પરિણમનમાં કોઈ બીજું ન હતું. અત્યારે સ્વ–પરની ભિન્નતાના જ્ઞાનવડે, એકત્વરૂપ શુદ્ધઆત્માને અનુભવતો થકો અતીન્દ્રિયસુખરૂપે હું પોતે થયો છું, મારા સુખપરિણમનમાં હું એકલો જ છું, તેમાં કોઈ બીજું નથી.

આ રીતે ધર્મી જાણે છે કે, પહેલાં અજ્ઞાનદશામાં બંધમાર્ગમાં, અને અત્યારે જ્ઞાનદશાથી મોક્ષમાર્ગમાં હું એકલો જ છું, બીજા કોઈ સાથે મારે કાંઈ લાગતુંવળગતું નથી.

–જુઓ, આ મોક્ષમાર્ગી મુમુક્ષુનો નિશ્ચય! આમાં આત્માના એકત્વની ભાવનાવડે શુદ્ધઅનુભૂતિ છે, ને પરના સંપર્કનો અભાવ છે. આવી દશાને મુમુક્ષુદશા કહેવાય. આત્માને પરના સંબંધવાળો ને રાગવાળો અશુદ્ધ જ અનુભવ્યા કરે, ને કહે કે અમને શુદ્ધઆત્માની ઘણી ભાવના છે,–તો એને સાચી મુમુક્ષુતા નથી કહેતા; શુદ્ધાત્માની સાચી ભાવના હોય તો શુદ્ધતારૂપે પરિણમ્યા વગર રહે નહિ ને તેના ફળરૂપ અતીન્દ્રિય આનંદનો અનુભવ થવા વગર રહે નહિ. અહા, મુમુક્ષુ એટલે તો મોક્ષનો પંથી! એને વળી પરના સંબંધની ભાવના કેવી? પરના સંબંધ વગર, પરથી સર્વથા ભિન્ન, પોતાના એકત્વમાં ઝૂલતો–પરિણમતો ને શુદ્ધતાને અનુભવતો તે આનંદથી મોક્ષના પંથે ચાલ્યો જાય છે.

વાહ રે વાહ! ધન્ય છે આત્માની આવી દશાને!–તે પ્રશંસનીય છે.

આત્માની ધર્મપરિણતિનો કર્તા આત્મા એકલો જ છે, બીજો કોઈ કર્તા નથી. તેમ તેના ફળનો ભોક્તા પણ એકલો આત્મા જ છે, બીજો કોઈ ભોક્તા નથી. પોતાના કારણ–કાર્ય–ફળ બધું પોતામાં જ એકમાં જ સમાય છે, જુદા નથી રહેતા.–આવી અનુભૂતિનું નામ એકત્વભાવના છે. એકમાં બંધન ન હોય, એકમાં અશુદ્ધતા ન હોય; એટલે પરથી ભિન્ન પોતાના એકત્વમાં પરિણમતા તે જીવને બંધન કે અશુદ્ધતા થતા નથી; તે શુદ્ધરૂપે પરિણમતો થકો મોક્ષપદને પામે છે.–તે પ્રશંસનીય છે.

## * સંસારમાં તો દુઃખ જ હોયને! *

સંસાર એટલે જ દુઃખ;

જ્યારે આખો સંસાર જ દુઃખરૂપ છે, ત્યારે તેમાં દુઃખના એકેક પ્રસંગથી ગભરાયા કરવું–એના કરતાં તો સંસારથી છૂટો જ પડીને, સંસાર–વગરનો કોઈ એવો ભાવ (સમ્યક્ત્વાદિરૂપ) પ્રગટ કરવો કે જે સ્વયં સુખરૂપ હોય.

બાકી સંસારમાં તો દુઃખ ન આવે તો જ આશ્ચર્ય!

સંસાર અને સુખ એ બંનેનો મેળ ક્યાંથી મળે?

એકથી છોડાવીને બીજામાં લઈ જવા માટે તો જૈનધર્મ છે.

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

[ સર્વે જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ ]

શંકાઃ–દ્રવ્ય પોતાની પર્યાયને કરતું નથી એટલે શું?

સમાધાનઃ–જો કે પર્યાયનો કર્તા કોઈ અન્ય નથી પણ સ્વદ્રવ્ય પોતે જ પરિણમતું થકું પોતાની પર્યાયને કરે છે–પોતે જ તે પર્યાયરૂપે રચાય છે.–પણ દ્રવ્ય–પર્યાયસ્વરૂપ એક જ વસ્તુ છે, તેમાં આ કર્તા ને આ કાર્ય–એવા ભેદ શા માટે પાડવા? જ્યાં દ્રવ્ય ને પર્યાય અભેદપણે એકસ્વરૂપ છે, ત્યાં દ્રવ્ય પર્યાયને કરે છે–એવો ભેદ રહેતો નથી. આવી અભેદદ્રષ્ટિથી દ્રવ્ય–પર્યાય વચ્ચે કર્તા–કર્મનો ભેદ પણ નથી. બંનેનું અનન્યપણું જ છે.

'જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,
જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે.
જીવ–અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,
તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી.'

(સમયસાર ગા. ૩૦૮, ૩૦૯)

સત્ વસ્તુમાં અંશ–અંશીના ભેદથી, કે સ્વ–સ્વામીના ભેદથી, કે કર્તા–કર્મના ભેદથી શું પ્રયોજન છે? આત્માની શુદ્ધઅનુભૂતિમાં એવા કોઈ ભેદ પ્રકાશતા નથી. જેના ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યમાં એક ચૈતન્યભાવ જ પ્રકાશે છે–એવા ચૈતન્યભાવરૂપે જ ધર્મી પોતાને સતત અનુભવે છે.–આવા સર્વોપરિ તત્ત્વની અનુભૂતિ એ જ સાધ્યની સિદ્ધિ છે. –'न खलु न खलु यस्मात् अन्यथा साध्यसिद्धि।' દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદથી કાંઈ સિદ્ધિ થતી નથી.

પ્રશ્નઃ–ધન્ય કોણ છે?

ઉત્તરઃ–સર્વજ્ઞસ્વભાવી આત્માને જેણે જાણ્યો છે એવા જ્ઞાની ભગવંત ધન્ય છે. કુંદકુંદસ્વામી પણ એવા જીવોને ધન્યવાદ આપતાં કહે છે–

તે ધન્ય છે કૃતકૃત્ય છે શૂર-વીર ને પંડિત છે;
-સમ્યક્ત્વ-સિદ્ધિકર અહો! સ્વપ્નેય નહિ દુષિત છે.

પ્રશ્નઃ-કેવળીભગવાનના ગુણોની સ્તુતિ કઈ રીતે થાય?

ઉત્તરઃ-આત્માના જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતાવડે મોહને જીતવાથી કેવળીભગવાનની સાચી સ્તુતિ થાય છે. અતીન્દ્રિયજ્ઞાનરૂપ થયેલા સર્વજ્ઞની સ્તુતિ અતીન્દ્રિયજ્ઞાન વડે જ થઈ શકે; ઇન્દ્રિયો વડે કે રાગવડે થઈ શકે નહિ.

પ્રશ્નઃ-ગૃહસ્થ સમ્યગ્દ્રષ્ટિનો આત્મા ખરેખર શેમાં વસે છે?

ઉત્તરઃ-સ્વઘર એવું જે પોતાનું શુદ્ધ ચૈતન્યતત્ત્વ તેના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ ખરેખર ધર્મી વસે છે; રાગમાં કે પરમાં પોતાનો વાસ તે માનતા નથી, તેને તે પરઘર સમજે છે.

પ્રશ્નઃ-ગૃહસ્થાશ્રમમાં રહેલા જીવને આત્માનો અનુભવ ને ધ્યાન હોય?

ઉત્તરઃ-હા; ધર્મીને ગૃહસ્થપણામાં પણ આત્માનો અનુભવ અને ધ્યાન હોય છે; એના વગર સમ્યગ્દર્શન જ સંભવે નહિ. ગૃહસ્થને પાંચ ગુણસ્થાન કહ્યાં છે, તેમાં ચોથા ગુણસ્થાનથી જ આત્મઅનુભવ થાય છે; ત્યારથી જીવ સાચો જૈનધર્મી થાય છે; ને પછી વ્રતી થઈને પંચમ ગુણસ્થાનની શુદ્ધતા પ્રગટ કરતાં તેને શ્રાવકધર્મી કહેવાય છે. મુનિદશા તો તેનાથી પણ ઊંચી છે. સમ્યગ્દર્શન તથા આત્મઅનુભવ વગર આવી કોઈ દશા હોતી નથી.

આવી આત્મઅનુભૂતિનું સ્વરૂપ બતાવનાર વીરશાસન આપણે મહાભાગ્યથી પામ્યા છીએ; તો મહાવીરભગવાનના ૨૫૦૦-વર્ષીય નિર્વાણમહોત્સવમાં આવી આત્મઅનુભૂતિ જરૂર કરો, અને તેના દ્વારા આત્મજીવન ઉજ્વળ કરીને જૈનશાસનને શોભાવો.

* પર્યાય વગરના એકાંતધ્રુવનું ધ્યાન થઈ શકે?

-ના; ધ્યાનતો 'સત્' નું હોય; ને સત્ તો હંમેશાં ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ છે. એવું તો કોઈ સત્ નથી કે જે એકાંત ધ્રુવ હોય.

જ્યાં ધ્યાતા-ધ્યાન-ધ્યેયનો ભેદ નથી રહેતો ત્યાં જ સાચું ધ્યાન છે;

જ્યાં ધ્યેય-ધ્યાન-ધ્યાતાનો ભેદ છે ત્યાં ધ્યાન નથી.

* દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચે કોઈ પ્રકારે પ્રદેશભેદ છે?

ના; તેમને પ્રદેશભેદ નથી; કેમકે દ્રવ્ય પોતે ગુણ–પર્યાયસ્વરૂપ છે, ને ગુણ–પર્યાયો પોતે દ્રવ્યસ્વરૂપ છે. દ્રવ્ય–ગુણ–પર્યાયનું અસ્તિત્વ એક છે, જુદાજુદા ત્રણ અસ્તિત્વ નથી. (પ્રવચનસાર)

અહો, સંતોએ વીતરાગી જિનવાણીમાં સ્વાનુભવ કરવા માટેની ઘણી જ સરસ વાત સમજાવી છે; અને હમણાં જ અત્યારે–તત્કાલ જ તું સ્વાનુભવ કર–એવી સરસ પ્રેરણા આપી છે; તે સાંભળતાં સ્વાનુભવની ભાવનાને ઘણું જ પોષણ મળે છે. જીવનનું સર્વસ્વ, અને એકમાત્ર ધ્યેય સ્વાનુભવ છે. અને આવો સ્વાનુભવ આ કપરા કાળમાંય પ્રત્યક્ષ સંતોના પ્રતાપે સુગમ બન્યો છે.

* સ્વાનુભવની વાત સાંભળતાં ને અંતરમાં તેનો પ્રયોગ કરતાં ચૈતન્યરસનું ઘોલન વધતું જાય છે, ને રાગનો રસ છૂટતો જાય છે.–એ જ ધારાની પરાકાષ્ટા થતાં ભેદજ્ઞાન થઈને અપૂર્વ આનંદમય સ્વાનુભૂતિ થાય છે.

* ભાઈ ! આત્માના અનુભવની ઘણી ઝંખના છે–તો શું કરું ?

  –ઊંડા ગંભીર આત્મસ્વરૂપની આનંદમય અનુભૂતિ માટે, એકદમ શાંત થઈને પરિણામને બધેથી હટાવીને આત્મામાં ખૂબખૂબ ઊંડે ઊતરી જા.

  આત્માની શાંત–સુંદરતા દેખતાં જ તારી ઝંખના પૂરી થઈ જશે.

* આનંદમય આત્મા પોતામાં જ જેને પ્રસિદ્ધ થયો છે તેને બહારની બીજી કઈ પ્રસિદ્ધિનું કામ છે? અને, બહારની જગતમાં ગમે તેટલી પ્રસિદ્ધિ હો પણ જો પોતાના અંતરમાં આત્માના આનંદની પ્રસિદ્ધિ ન થઈ તો તેને શો લાભ થયો ?

* ભૂખ્યા રહેવું સારૂં પણ રાત્રે ખાવું નહીં. ભલે તરસ્યો રહેજે પણ અળગણ પાણી પીશ નહિ. પ્રતિકૂળતા સહજે, પણ જૈનધર્મ છોડીને બીજે જઈશ મા.

* આજના યુવાનો કહે છે–ભલે અમે કુંવારા રહેશું, પણ જૈન સંસ્કાર છોડીને બીજે નહિ જઈએ.

......ચર્ચા......

એકવખત એક જૈનને અને એક કર્મવાદીને ચર્ચાનો પ્રસંગ ઊભો થયોઃ–

* કર્મવાદી કહેઃ– કર્મ આત્માને વિકાર કરાવે છે એમ તમે સ્વીકારો તો આપણે ચર્ચા કરીએ.

* જૈન કહેઃ–અમને એ માન્ય નથી.

પછી તે જૈને કહ્યુંઃ–કર્મ જીવને વિકાર નથી કરાવતું, આત્મા પોતાના, અપરાધથી જ વિકારી થાય છે–એમ તમે માનો તો ચર્ચા કરીએ!

* કર્મવાદી કહે–એ અમને માન્ય નથી.

“બસ, ચર્ચા પૂરી થઈ ગઈ!” અને કવિ બનારસીદાસજી બોલી ઊઠયા–

कोउ मूरख यों कहे, राग-द्वेष परिनाम।
पुद्गलकी जोरावरी, वरते आतमराम।।

* પરદ્રવ્ય જીવને રાગ કરાવે છે–એમ જેઓ માને છે તેઓ મોહસમુદ્રને પાર ઊતરી શકતા નથી.

* ભાઈ, તારા ચૈતન્યના વિકારી કે અવિકારી પરિણામને કરવામાં તું સ્વતંત્ર છો. તારા ભાવોનો કર્તા થવાની સ્વાધીન શક્તિ તારામાં છે. ઉત્પાદ–વ્યય–ધ્રુવતારૂપ તારું જે સત્પણું છે તેનો કર્તા કોઈ બીજો નથી.

❀ પ્રદેશત્વગુણના અવિભાગઅંશો કેટલા?

* આકાશના પ્રદેશત્વના અવિભાગઅંશો અનંતાનંત છે.

* જીવના પ્રદેશત્વના અવિભાગઅંશો અસંખ્યાત છે.

* ધર્માસ્તિ–અધર્માસ્તિના અવિભાગઅંશો પણ અસંખ્યાત છે.

* પરમાણુ અને કાલાણુના પ્રદેશત્વમાં અવિભાગઅંશો થતા નથી,

–કેમકે તેઓ પોતે સ્વયં અવિભાગી,–એક પ્રદેશી છે.

* નાનામાં નાના જીવના જ્ઞાનમાં અનંતાનંત અવિભાગ પ્રતિચ્છેદ થાય છે, કે જે અલોકાકાશના પ્રદેશો કરતાં પણ અનંતગુણા છે. જ્ઞાનનો કેટલો મહિમા!

❀ જીવના પ્રદેશો અસંખ્ય છે. હવે તે અસંખ્યપ્રદેશોમાંથી એકેક પ્રદેશે સર્વત્ર જીવ પ્રદેશો સરખા જ છે કે હીનાધિક પણ છે? હીનાધિકતા પણ હોય છે. સમુદ્ઘાત વખતે જીવની દંડ–પ્રતર ને કપાટ એ આકૃતિ ઉપરથી તે નક્કી થાય છે કે દરેક આકાશપ્રદેશે તે જીવના સરખા પ્રદેશો નથી. લોકપૂરણના પૂર્વ–પછીના સમયે જીવનું ક્ષેત્ર, લોકના ચોથાભાગથી વધારે છે, ને લોકના ત્રીજાભાગથી ઓછું છે; આમ

ત્યારે જ બની શકે કે જો જીવપ્રદેશો કોઈક આકાશપ્રદેશે થોડા ને કોઈક આકાશપ્રદેશે વધુ હોય.

* અમદાવાદથી એક જિજ્ઞાસુ બહેન લખે છે–" હું આત્માને ઓળખવા પ્રયત્ન કરું છું. હંમેશાં મારા આત્માને સાચો સાથી માનું છું ને સર્વોત્તમ ગણું છું. અનેક પ્રસંગો નીરસતાથી વિતાવું છું. આત્મા જ કંઈક સહાયભૂત છે–એવું માનું છું. લગભગ બાર મહિનાથી અત્યંત "સમ્યગ્દર્શન"ની ભાવના ભાવું છું. આત્માને ઓળખવા પ્રયત્ન કરું છું. આ જ સત્યનો માર્ગ છે; આવી ભાવના થાય છે. આત્માને પામીને રહેવાની ભાવના છે. અહા! ગીરનારજી ઉપર બોંતેર કરોડ ને સાતસો ભવ્ય જીવો આત્માની મુક્તિને પામ્યા, હું પણ તેમના જેવો જીવ છું. શું હું પણ તેમના જેવું સુખ, આનંદ અને તે પાછું સદાય તેમની જેમ ભોગવીશ! મારા અહો ભાગ્ય! એવો અમૂલ્ય અવસર ક્યારે આવશે? તે માટે સમ્યગ્દર્શનની સદાય ભાવના ભાવું છું. "આત્માને પામવાની જડીબુટ્ટી" આત્મધર્મમાં આપશોજી. તથા 'સમાધિભાવના'નું ગીત આત્મધર્મમાં આપશોજી."

બેન, તમારી ભાવના સફળ થાઓ. તમે માંગેલું ગીત આત્મધર્મ અંક ૩૭૭ માં આપ્યું છે. તથા સમ્યક્ત્વ પામવાની જડીબુટ્ટી જે સંતો નિરંતર બતાવે છે તે આત્મધર્મમાં આપીએ છીએ; હમણાં તે વિશેષ સ્પષ્ટતાથી આવે છે, તે ધ્યાનપૂર્વક ઊંડાણથી વાંચશો તો વિશેષ લાભ થશે. (સં.)

*****

## દસલક્ષણી પર્યુષણ પર્વ

સોનગઢમાં દસલક્ષણી–પર્યુષણપર્વ ભાદરવા સુદ પાંચમને બુધવાર તા. ૧૦–૯–૭૫ થી શરૂ કરીને ભાદરવા સુદ ચૌદસને શુક્રવાર તા. ૧૯–૯–૭૫ સુધી ઉજવાશે; તે દરમિયાન દશધર્મનાં પ્રવચન, પૂજનાદિ થશે.

ત્યારપહેલાં શ્રાવણ વદ ૧૩ ને બુધવાર તા. ૩ થી ભાદરવા સુદ પાંચમ ને બુધવાર તા. ૧૦ સુધીના આઠદિવસ ખાસ ધાર્મિક પ્રવચનના દિવસો રહેશે.

# જિનવાણીના વાંચનકારોની જવાબદારી

( સંપાદકીય )

આજેય ભગવાન મહાવીરનું વીતરાગી શાસન ધમધોકાર ચાલી રહ્યું છે; પૂ. ગુરુદેવના પ્રતાપે ભારતમાં ઠેરઠેર અધ્યાત્મતત્ત્વ સમજવા માટે હજારો જિજ્ઞાસુ જીવો જાગ્યા છે, ને વીરનાથનો વીતરાગ–સંદેશ સાંભળવા આતુર છે અનેક ઠેકાણે જિજ્ઞાસુ વિદ્વાનભાઈઓ વાંચનકાર તરીકે જાય છે.

કોઈપણ ઠેકાણે વીતરાગી જિનવાણીનું વાંચન ચાલતું હોય ત્યાં એક વાત ખૂબ મહત્ત્વની છે કે વાંચનમાં શ્રી દેવ–ગુરુ ને જિણવાણીનો મહિમા પ્રસિદ્ધ થવો જોઈએ; દેવ–ગુરુ–શાસ્ત્ર માટે ક્યાંય, કોઈપણ અપેક્ષાના બહાને કટુ શબ્દો કે તોછડાઈભર્યા શબ્દોનો પ્રયોગ જરા પણ કરવો ન જોઈએ; ઉપદેશ મધુર ભાષામાં હોવો જોઈએ. કેટલાક ઉપદેશકો અત્યંત કડવા શબ્દોથી વાત કરતા જણાયા છે; એવા ઉપદેશને સત્ય ઉપદેશ કહી શકાય નહિ, કેમકે ઉપદેશ ‘મધુર’ હોવો જોઇએ. સત્ય પણ જો કષાયપૂર્વક કહેવામાં આવે તો તેને શાસ્ત્રો ‘અસત્ય’ ની કક્ષામાં જ મુકે છે. તેથી જિનરાજને નમસ્કાર કરવામાં શ્રી કુંદકુંદસ્વામી ખાસ વિશેષણથી કહે છે કે–

શતઈન્દ્રવંદિત ત્રિજગહિત ‘નિર્મળ મધુર વદનારને,’
નિઃસીમ ગુણ ધરનારને, જિતભવ નમું જિનરાજને.

વીતરાગ ઉપદેશ મધુર ભાષામાં, જાણે શાંતરસનું ઝરણું વહેતું હોય એવો હોય છે. સામો જીવ ન સમજે માટે કડકભાષા કહેવી જોઈએ,–એવી દલીલ વ્યાજબી નથી; સમયસારમાં કહે છે કે વિરોધ કરનાર પ્રત્યે પણ મીઠાસથી ને સમભાવથી જ ઉપદેશ આપવો ‘અમે સ્પષ્ટ વક્તા છીએ, અથવા ઘણા દ્રઢ છીએ, ને કડક શબ્દપ્રયોગ વગર સામા જીવો સમજતા નથી’ –એવી દલીલથી પણ કડકભાષામાં ઉપદેશ આપવાનું ઉચિત નથી.

ઉપદેશમાં પ્રહારાત્મક કે ખંડનાત્મક રીત વાપરવી ન જોઈએ; કદાચ સિદ્ધાંતના મતભેદો બાબત સ્પષ્ટતા કરવી પડે તો તે પણ અત્યંત મધુરતાથી, ને શાંતિથી, કષાયજન્ય ભાષા વગર વધુ સારી રીતે થઈ શકે છે. આત્મિકમહિમાને અનુલક્ષીને જ શાંતરસની પ્રધાનતાથી વાંચન ચાલવું જોઈએ, તો જ સ્વ–પરને હિતનું કારણ થાય.

અહા, સંપૂર્ણ વીતરાગતત્ત્વનો ઉપદેશ જે ભાષામાં અપાતો હોય તે ભાષા પણ જાણે વીતરાગરસથી નીતરતી હોય–એવી મધુર હોય. શાંતરસને સ્પર્શીને નીકળતી વાણી પણ શાંત હોય છે, એમાં કષાયના ઉદ્રેક નથી હોતા. જેમ તીર્થંકરોની વાણી પરમશાંતરસઝરતી હોય છે, જેમ વીતરાગ મુનિવરોની વાણી પરમ વીતરાગરસઝરતી હોય છે, તેમ તે દેવ–ગુરુ અનુસાર જે ઉપદેશ અપાતો હોય તે પણ મધુરભાષામાં અત્યંત શાંતરસપૂર્વક હોવો જોઈએ.

સાધર્મી–સાધર્મીઓમાં જ્યાં વાંચન–વિચાર ચાલતા હોય ત્યાં, વાંચનકારે પોતાને બીજા સાધર્મીશ્રોતાઓ કરતાં અધિક માની લેવા ન જોઈએ. સાધર્મીઓને સૌને સરખા સમજીને વાત્સલ્યપૂર્વક વિચારોની આપ–લે કરવી જોઈએ. શ્રોતાઓને પોતાથી હિન માનીને તરછોડવા ન જોઈએ. જિજ્ઞાસુ શ્રોતા કંઈ કહેવા માંગતા હોય તો ધૈર્યથી સાંભળવું જોઈએ.

વક્તાએ પોતાની ભૂમિકાની મર્યાદાનો ખ્યાલ રાખવો જોઈએ ને જૈનશાસનને શોભે તેવા સદાચારથી શોભતું તેનું જીવન હોવું જોઈએ. કોઈ ત્યાગીઓ કે વિદ્વાનો ઉપર કટાક્ષ કે વાક્પ્રહારો કરવા ન જોઈએ. કોઈની લાગણી ન દુભાય તેમ અત્યંત શાંતભાવથી મધ્યસ્થપણે સત્ય વસ્તુસ્થિતિ સમજાવવી જોઈએ.

ગમે તે કારણે ને ગમે તેટલો અંદરોઅંદરનો મતભેદ કે મનભેદ હોય તો, પરમ વાત્સલ્યધર્મના પવિત્ર જળમાં તે ધોઈ નાખવો જોઈએ, ને ચોખ્ખા મનથી સર્વે સાધર્મી સાથે હળીમળીને પ્રેમવ્યવહાર કરવો જોઈએ.

આ બધું આપણે સૌ અત્યંત સ્પષ્ટપણે કરીશું ત્યારે જ મુમુક્ષુપણું શોભી ઊઠશે, ને ત્યારે જ વીતરાગી–જિનવાણીના વાંચનને માટે યોગ્ય વાતાવરણ સર્જાશે, ને એવા પ્રસન્ન વાત્સલ્યભર્યા વાતાવરણમાં સાચી મુમુક્ષુતાથી જ્યારે વાંચન–વિચાર થશે ત્યારે જ જિનવાણીમાતાજી પ્રસન્ન થઈને સમ્યક્ત્વાદિ ઉત્તમ ફળ આપશે.

શ્રી જિનવાણીમાતાજીનો વિનય જાળવવા ને તેમની પાસેથી ઉત્તમ ફળ મેળવવા પરિણામની ખુબ વિશુદ્ધિ–સરળતા–મધ્યસ્થતા ને શાંતિ જરૂરી છે. આપણી માતા કોણ?–વીતરાગી જિનવાણી! તેના પુત્રને શોભે એવું આપણું જીવન હોવું જોઈએ.

–બસ, આટલી વાત સાધર્મીજનો પ્રત્યે અંતરના સાચા વાત્સલ્યથી લખી છે.

– જય મહાવીર.

## ❀ આત્મધર્મ: આપણી પ્રિય અધ્યાત્મ-પત્રિકા ❀

'આત્મધર્મ' દરમહિને હિન્દી તથા ગુજરાતીભાષામાં પ્રસિદ્ધ થાય છે. 'આત્મધર્મ' શુદ્ધ જૈનમાર્ગને પ્રસિદ્ધ કરીને આત્મહિતની રીત બતાવે છે. આત્મધર્મની અત્યારે હિંદી-ગુજરાતી મળીને કુલ ૬૧૦૦ પ્રતો છપાય છે. ૧૦૧/- રૂા. ભરનાર કાયમી ગ્રાહકોની સંખ્યા ૪૧૪ છે. ભારત બહાર પરદેશોમાં ૧૩૦ પ્રતો જાય છે. વાર્ષિક લવાજમ (લાગત કરતાં અડધી કિંમત) છ રૂપિયા ભરીને આપ પણ આત્મધર્મના ગ્રાહક પરિવારમાં દાખલ થઈ જાઓ....આત્મધર્મનું નિયમિત વાંચન આપને અનેરી શાંતિ આપશે. સર્વે જીવોના આત્મહિતને અનુલક્ષીને ઉત્તમશૈલીથી તેનું સંપાદન થાય છે.

આત્મધર્મ એ મુમુક્ષુઓના મનોરથને પુષ્ટ કરનારું ભારતનું એક માત્ર પત્ર છે; ઉત્તમ કક્ષાનું વીતરાગી સાહિત્ય તેના પાને પાને ભર્યું હોય છે. જિજ્ઞાસુઓના સહકારથી આ પત્ર સંસ્થા માત્ર અડધી કિંમતે આપે છે; અને તેમાં પણ જિજ્ઞાસુઓના વિશેષ સહકાર અનુસાર ક્યારેક વધુ પાનાં પણ આપીએ છીએ. વીતરાગી સાહિત્યનો મોટો ભંડાર આપણી પાસે ભર્યો છે ને શ્રી ગુરુપ્રતાપે નિત-નવીન આવક પણ થયા જ કરે છે. આત્મધર્મમાં તે સાહિત્ય વધુ ને વધુ પીરસાય તે માટે સૌના સહકારની જરૂર છે. ૪૦૧/- રૂા. આપીને આપ આત્મધર્મની ૩૧૦૦ પ્રતમાં એક ફરમો (આઠ પાનાં) (કુલ લગભગ પચ્ચીસ હજાર પાનાં) આપના તરફથી વધુ આપી શકો છો. (અડધા ખર્ચ તરીકે રૂા. ૨૦૧/- પણ સ્વીકારવામાં આવે છે.

આજના જમાનામાં તમારી લક્ષ્મી વીતરાગી સત્સાહિત્યના પ્રચારમાં વપરાય-તેના કરતાં બીજો કોઈ સારો તેનો ઉપયોગ નથી. ગુરુદેવ પણ વારંવાર કહે છે કે અત્યારે તો તત્ત્વજ્ઞાનનો પ્રચાર થાય ને લોકોને સાહિત્ય ઓછામાં ઓછી કિંમતે મળે-તે કરવા જેવું છે.)

સરનામું:- આત્મધર્મ કાર્યાલય, સોનગઢ (૩૬૪૨૫૦)

આ અંકમાં વધુ પાનાં આપવા માટે નરોડાના શ્રી મીનાબેન ભગવાનદાસ તરફથી રૂા. ૪૦૧/- આપવામાં આવ્યા છે-તે બદલ ધન્યવાદ!

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) જેઠ
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત ૩૧૦૦